RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ આસો વદ -૫ શુક્રવાર તા.૩૦-૧૦-૨૦૨૬ અંક : ૦૪ વર્ષ : ૨૪ news@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

सत्यमेव जयते
गुजरात सरकार



माननीय वडाप्रधान
श्री नरेन्द्रभाई मोदीना
वरद हस्ते



विविध विकास प्रकल्पोનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

તથા

'प्रधानमंत्री किसान सम्मान निधि'ના 24મા હપ્તાનું વિતરણ

'प्रधानमंत्री किसान सम्मान निधि' હેઠળ 24મા હપ્તાની ટ્રાન્સફર: **9.34 કરોડથી વધુ ખેડૂતો**ને કુલ ₹ 19 હજાર કરોડ DBT દ્વારા ચૂકવાશે

ભીલડી ખાતે નિર્માણ પામેલા **BBBRC સંકુલના લોકાર્પણ**થી પશુ વંશ સુધારણા 20 ગણી ઝડપી બનશે

ફ્રેન્ચ ફ્રાઈસ પ્રોસેસિંગ યુનિટના વિસ્તરણથી બટાટા ઉત્પાદક ખેડૂતોને સુનિશ્ચિત અને પ્રિમિયમ વળતર મળશે

રાજ્યભરમાં **4000થી વધુ આંગણવાડી કેન્દ્રો**ના લોકાર્પણથી બાળકોને ઉત્તમ શિક્ષણની સાથે પોષણ મળશે

અમદાવાદ-મહેસાણા વચ્ચેના **આઠ લેનના હાઇવે**નું **ખાતમુહૂર્ત:** પ્રવાસન, ઉદ્યોગ અને આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળશે

અમદાવાદ (સાબરમતી)–વારાણસી એક્સપ્રેસ અને **બેચરાજીથી નવી ટ્રેન સેવા**નો શુભારંભ

અમદાવાદમાં કોટેશ્વરથી એરપોર્ટ સુધીના મેટ્રો રૂટનું ખાતમુહૂર્ત: એરપોર્ટ સુધીની કનેક્ટિવિટીમાં વધારો થશે

મુખ્ય મહેમાન

श्री भूपेन्द्रभाई पटेल
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

વિશેષ ઉપસ્થિતિ

श्री शंकरभाई चौधरी
માનનીય અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા અને માનનીય ચેરમેન, બનાસ ડેરી

श्री हर्ष संघवी
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



"ખેડૂતની સમૃદ્ધિ, પશુપાલનને નવી ગતિ, ઉદ્યોગોની પ્રગતિ અને બાળકોને પોષણ-શિક્ષણ; બનાસકાંઠાના આંગણેથી ગુજરાતના ઉજ્જવળ ભવિષ્યની નવી દિશાઓ ખૂલી રહી છે." - **હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

તારીખ: 30 ઓક્ટોબર, 2026 | સમય: સવારે 8 વાગે | સ્થળ: ભીલડી, બનાસકાંઠા

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ ચેનલ પર DD NEWS

પીએમ મોદીના હસ્તે બનાસકાંઠામાં ૧૪૦૦૦ કરોડના કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે , ભવ્ય રોડ-શો બાદ ભીલડીમાં જાહેર સભાનું સંબોધન, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિતની ઉપસ્થિતિ









બનાસકાંઠા,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે છે. જેમાં તેઓ આજે બનાસકાંઠાના ભીલડી ખાતે ૧૪ હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનો શિલાન્યાસ-લોકાર્પણ કરશે. જ્યારે ૩૧મી ઓક્ટોબરે કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેવાના છે આજે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસ માટે બનાસકાંઠા આવી પહોચ્યાં હતા. જયાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલસહિતે સ્વાગત કર્યું હતું.

આજે ૩૦ ઓક્ટોબરે બનાસકાંઠાના ભીલડીમાં ૧૪,૦૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવેલ. આ ઉપરાંત, પીએમ કિસાન યોજનાનો આશરે ૧૯,૦૦૦ કરોડનો ૨૪મો હપ્તો જાહેર કરવામાં આવ્યો હતો. વડાપ્રધાનના આગમન સાથેજ ભવ્ય રોડશો કરવામાં આવ્યો હતો. જેમાં હજારો લોકો જોડાયા હતા.ત્યારબાદ તેમને ભીલડીમાં જાહેરસભા સંબોધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બનાસકાંઠાના ભીલડી ખાતે ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટરનું લોકાર્પણ કરેલ. ૧૨૭ એકરમાં પથરાયેલ આ કેન્દ્ર સ્ટેટ-ઓફ-ધી-આર્ટ સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે સ્થાપિત કરવામાં આવ્યું છે. ગૌવંશ સંવર્ધન, જેનિટિક અપ્રગ્રેડેશન અને અદ્યતન રીપ્રોડક્ટિવ ટેકનોલોજીને મજબૂત બનાવશે, જેનાથી ઓલાદ સુધારણા ૧૦થી ૨૦ ગણી ઝડપી બનશે. કાંકરેજ ગાયની ઓલાદ માટે સમર્પિત આ પ્રકારની દેશની આ પહેલી સુવિધા હશે.થરાદ અને રાધનપુર ખાતે બનાસ ડેરીના બે બાયો-સીએનજી પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો, જેની ગાયના છાણ પ્રોસેસિંગની ક્ષમતા અનુક્રમે પ્રતિદિન ૭૫ મેટ્રિક ટન અને પ્રતિદિન ૧૦૦ મેટ્રિક ટન છે. અમદાવાદ મેટ્રો ફેઝ-૨એ (એરપોર્ટ એક્સટેન્શન) અને ફેઝ-૨બી (ગિફ્ટ સિટી એક્સટેન્શન)નો શિલાન્યાસ કરશે. જેમાં ફેઝ-૨એ કોટેશ્વર રોડથી એરપોર્ટ સુધી ૫ સ્ટેશનોને આવરી લેતી ૬ કિ.મી.થી વધુની લંબાઈ ધરાવશે, જ્યારે ફેઝ-૨બી ગિફ્ટ સિટીથી શાહપુર સુધી ૩ સ્ટેશનોને આવરી લેતી ૩.૩ કિ.મી.થી વધુની લંબાઈ ધરાવશે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે એકતાનગરમાં યોજાનારા 'એકતા પ્રકાશ પર્વ'માં પણ ભાગ લેશે. ભારતની એકતા, વિવિધતા, સાંસ્કૃતિક વિરાસત અને પ્રગતિને ઉજાગર કરતા આ કાર્યક્રમમાં લાઇટિંગ અને પ્રકાશના વિવિધ પ્રદર્શન દ્વારા રાત્રિ પ્રવાસનને પ્રોત્સાહન આપવામાં આવશે.આ કાર્યક્રમના મુખ્ય આકર્ષણોમાં ૫૩૦ મીટર લાંબા ફ્લાવર્સ વેલી રોડ પરની રોશની અને ૧૮૦ મીટર લાંબી ગ્લો ટનલનો સમાવેશ થાય છે. 'પ્રાચીન ભારતથી આધુનિક ભારત સુધી'ની થીમ પર આધારિત ફ્લાવર્સ વેલી રોડ પર દેશની સંસ્કૃતિ, રાષ્ટ્રીય ઓળખ, મહિલા સશક્તિકરણ, સુરક્ષા દળો, ટેક્નોલોજી, યોગ અને બાળકોને આકર્ષે તેવી વિવિધ રચનાઓ રજૂ કરવામાં આવશે.'વિવિધતામાં એકતા'ની થીમ ધરાવતી ગ્લો ટનલમાં ભારતના ચારેય પ્રદેશોની સંસ્કૃતિ, સ્થાપત્ય, લોકનૃત્યો, હસ્તકલા અને જીવનશૈલીની ઝલક જોવા મળશે. આ પ્રદર્શનોમાં ૧.૫ કરોડથી વધુ એલ્ઇડી લાઇટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ૩૧મી ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. ઉજવણીનું એક મુખ્ય આકર્ષણ 'નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા' દ્વારા આયોજિત 'નક્સલ મુક્ત ભારત' પરનું એક વિશેષ નાટ્ય પ્રદર્શન હશે, જેમાં ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત ૧૨૬ જિલ્લાના આશરે ૨૦૦૦ કલાકારો ભાગ લેશે.

ભારત દૂધ ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ ક્રમે : પીએમ મોદી

સભાને સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે વર્તમાન સરકારે પશુપાલન ક્ષેત્રે વિજ્ઞાન અને ટેકનોલોજીને સફળતાપૂર્વક જોડ્યું છે, જેના પરિણામે આજે ભારત દૂધ ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ ક્રમે છે અને તેનો સીધો લાભ દેશના પશુપાલકોને મળી રહ્યો છે. બનાસકાંઠામાં સ્થપાયેલ મ્મ્ઈઝ સેન્ટર રાષ્ટ્રીય ગોકુલ મિશનને વધુ વેગ આપશે અને અહીં ફ્રોઝ્ર ટેકનોલોજી દ્વારા દેશી ગાયોનું શ્રેષ્ઠ સંવર્ધન થવાથી આવનારી પેઢીને ઉત્તમ પશુધન પ્રાપ્ત થશે. આ સાથે જ ગ્રામીણ સ્તરે ગોબરથી બાયોગેસ અને જૈવિક ખાતર તૈયાર કરવા માટેનું મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ ઊભું કરવામાં આવી રહ્યું છે, જે 'વેસ્ટમાંથી વેલ્થ' (કચરામાંથી સમૃદ્ધિ) ના મંત્રને સાકાર કરી રહ્યું છે.

ખેડૂતોને પૂરતું ખાતર મળી રહે એ માટે ૧૬ લાખ કરોડ રૂપિયા ખર્ચ્યાઃ પીએમ

ખેડૂતોની આર્થિક પ્રગતિ અને પારદર્શક રાજનીતિ પર ભાર મૂકતા પીએમ મોદીએ દાવો કર્યો હતો કે અગાઉની સરકારોએ લઘુત્તમ ટેકાના ભાવ અંગે ખેડૂતોને માત્ર દગા જ દીધા હતા, જ્યારે વર્તમાન સરકારે સ્જીંના તમામ વાયદાઓ સંપૂર્ણપણે પૂર્ણ કર્યા છે. તેમણે જણાવ્યું કે સરકારે અત્યાર સુધીમાં ૧૨ લાખ સોલાર પંપ ખેડૂતોને ઉપલબ્ધ કરાવ્યા છે, જેને કારણે દેશના ખેડૂતોના અંદાજે ૫૦ લાખ કરોડ રૂપિયા બચ્યા છે. જો આ સોલાર પંપ ન મળ્યા હોત તો ખેડૂતોએ સિંચાઈ માટે ૮૦ કરોડ લીટર મોંઘું ડીઝલ ખરીદવું પડત, જેણે અન્નદાતાઓના જીવનમાં મોટી રાહત આપી છે. ખેડૂતોને પૂરતું ખાતર મળી રહે એ માટે અમે ૧૬ લાખ કરોડ રૂપિયા ખર્ચ્યા છે.

ભૂતાનમાં ગ્લેશિયર સરોવર ફાટતાં ભારતના સરહદી વિસ્તારોમાં પૂરનો તોળાતો ભારે ખતરો

ભારતના સરહદી વિસ્તારોમાં હાઈએલર્ટ ,રાતોરાત ૧૦ હજાર લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા; પશ્ચિમ બંગાળ અને આસામમાં NDRF-SDRFની ટીમો તૈનાત



ગૌહાટી,

ભૂતાનમાં શિંતાફૂ ગ્લેશિયર સરોવર ફાટવાની ગંભીર કુદરતી હોનારત સર્જાતાં ભારતના સરહદી વિસ્તારોમાં પૂરનો ખતરો ઊભો થયો છે. ભૂતાનના ગાસા જિલ્લામાં આવેલા શિંતાફૂ સરોવરનો કુદરતી બંધ તૂટી જતાં વિશાળ જળરાશિ મોફુર નદી મારફતે સંકોશ નદી તરફ ધસમસતી આગળ વધી રહી છે. આ ઘટનાને પગલે ભારત સરકાર અને હવામાન વિભાગે પશ્ચિમ બંગાળ તથા આસામના અનેક વિસ્તારોમાં હાઈ એલર્ટ જાહેર કર્યું છે. સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને રાતોરાત અંદાજે ૧૦ હજાર લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.

ભૂતાનના લુંગો વિસ્તારમાં વાકિલા પર્વતની નીચે આવેલા શિંતાફૂ સરોવરમાંથી પાણીનો પ્રચંડ પ્રવાહ છૂટતાં નદીકાંઠાના વિસ્તારોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. લોકોને સાવચેત કરવા માટે રાતભર સાયરનો વગાડવામાં આવ્યા હતા. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ બંગાળના તુફાનગંજ અને બોક્સીરહાટ સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં NDRF અને SDRFની બચાવ ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે.પશ્ચિમ બંગાળના વનમંત્રી મનોજ કુમાર ઉરાંવે સોશિયલ મીડિયા પર વીડિયો સંદેશ જાહેર કરીને સંકોશ નદીના કિનારે વસતા લોકોને તાત્કાલિક ઘર ખાલી કરી સલામત અને ઊંચાણવાળા વિસ્તારોમાં સ્થળાંતર કરવાની અપીલ કરી છે. ખાસ કરીને અલીપુરદ્વાર અને આસામના ધુબરી જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા સાવચેતીનાં પગલાં લેવામાં આવી રહ્યાં છે.

ભારત સરકારની સત્તાવાર એડવાઈઝરી મુજબ, ભૂતાનમાં પુનાત્સાંગછૂ તરીકે ઓળખાતી અને ભારતમાં પ્રવેશ્યા બાદ સંકોશ નદી તરીકે ઓળખાતી નદીના ઉપરવાસમાં અચાનક પૂર આવતાં ભારતીય સરહદ સુધી પાણી પહોંચવામાં ૬થી ૮ કલાકનો સમય લાગી શકે છે. આથી દાર્જિલિંગના પહાડી વિસ્તારો, અલીપુરદ્વાર અને જલપાઈગુડીમાં પણ સતર્કતા વધારી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, શિંતાફૂ સરોવર ભૂતાનની ૧૭ અત્યંત જોખમી ગ્લેશિયર સરોવરો પૈકીનું એક છે.

ઉત્તરાખંડમાં પર્વતો પર બરફવર્ષા, ગંગોત્રીથી ગોમુખ સુધી સફેદ ચાદર, મસૂરીમાં વરસાદથી ઠંડીમાં વધારો

૧૦ જિલ્લાઓમાં વાવાઝોડા, વીજળી અને ભારે પવનની ચેતવણી જારી

દહેરાદુન,

પર્વતો પર બરફની સફેદ ચાદરથી ખીણોનો નજારો વધુ સુંદર બન્યો. ગંગોત્રીથી ગોમુખ સુધી પર્વતો પર બરફની સફેદ ચાદર છવાઈ ગઈ છે. દરમિયાન, વરસાદ પછી મસૂરીમાં ઠંડીમાં વધારો થયો છે. ગંગોત્રી મંદિર સંકુલમાં ભક્તોની હાજરી વચ્ચે બરફવર્ષાએ હવામાનમાં પરિવર્તન લાવ્યું છે.

સવારે બદ્રીનાથ અને કેદારનાથ મંદિરોમાં પણ હિમવર્ષા થઈ હતી, જેનાથી બાબા કેદાર શહેર બરફની સફેદ ચાદરમાં ઢંકાઈ ગયું હતું. હિમવર્ષાના અદભુત દૃશ્યથી ભક્તો ઉત્સાહિત થયા હતા. કેટલાક લોકો બરફથી ઢંકાયેલા મંદિરને કેમેરામાં કેદ કરતા જાવા મળ્યા હતા, જ્યારે કેટલાક સેલ્ફી લઈને આ સુંદર ક્ષણને યાદગાર બનાવી રહ્યા હતા. જાકે, બરફવર્ષાની સાથે જ મંદિરમાં ઠંડી પણ વધી ગઈ છે.પર્વતોની રાણી મસૂરીમાં હવામાન અચાનક બદલાઈ ગયું છે. ગુરુવારે સવારથી શરૂ થયેલા વરસાદને કારણે શહેરમાં ઠંડી વધી ગઈ છે. સતત વરસાદને કારણે તાપમાનમાં તીવ્ર ઘટાડો થયો છે. હવામાનમાં આ ફેરફારની અસર શહેરના રસ્તાઓથી લઈને પ્રવાસી પ્રવૃત્તિઓ સુધી જાવા મળી રહી છે. સામાન્ય રીતે પ્રવાસીઓથી ધમધમતું મસૂરીએ વરસાદને કારણે પોતાનું આકર્ષણ ગુમાવી દીધું છે.

સવારથી પડી રહેલા વરસાદને કારણે મસૂરીમાં અવરજવર પ્રભાવિત થઈ છે. વધતી ઠંડીને કારણે સ્થાનિકો અને પ્રવાસીઓ બંને બહાર જવાનું ટાળી રહ્યા છે. શહેરની મુલાકાત લેવા આવેલા પ્રવાસીઓ હવામાન સાફ થવાની રાહ જાઈ રહ્યા છે. હવામાન કેન્દ્રે આજે રાજ્યના નવ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અને ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફવર્ષાની આગાહી કરી છે. દરમિયાન, ૧૦ જિલ્લાઓમાં વાવાઝોડા, વીજળી અને ભારે પવનની ચેતવણી જારી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દહેરાદૂન, ટિહરી, હરિદ્વાર, ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, બાગેશ્વર, ચમોલી, ચંપાવત અને પિથોરાગઢમાં કેટલાક સ્થળોએ હળવો થી મધ્યમ વરસાદ પડી શકે છે.

ઓમાન નજીક કચ્છના જહાજ પર ડ્રોન હુમલો, ૧૩ ખલાસીમાંથી ૧૧નો બચાવ, ૨ ઈજાગ્રસ્ત

ભુજ,

દરિયાની વચ્ચે સફર કરી રહેલા જહાજ પર અચાનક ડ્રોન હુમલો થાય તો શું સ્થિતિ સર્જાય? ચારે તરફ દરિયો અને જહાજમાં સવાર ૧૩ ખલાસીઓના જીવ જોખમમાં મુકાઈ જાય તેવી ઘટના ઓમાન નજીક સામે આવી છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર હવે ભારતીય જહાજ પર પણ જોવા મળી હોવાના અહેવાલ છે. કચ્છના માંડવીના જહાજ પર ઓમાન નજીક ડ્રોન હુમલો કરવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે જહાજમાં સવાર ખલાસીઓની સુરક્ષાને લઈને ચિંતા ઊભી થઈ હતી. જોકે, ૧૩ ખલાસીઓમાંથી ૧૧ને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે અન્ય ૨ ખલાસી ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે ઓમાન નજીક ભારતીય જહાજ પર હુમલો થયો હોવાનું સામે આવ્યું છે. કચ્છના માંડવીના જહાજને ડ્રોન દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું. આ હુમલાની ઘટનાએ દરિયાઈ માર્ગે મુસાફરી કરતા ભારતીય ખલાસીઓની સુરક્ષા અંગે સવાલો ઊભા કર્યા છે. ખાસ કરીને યુદ્ધની સ્થિતિ વચ્ચે દરિયામાં જહાજોનું સંચાલન કેટલું સુરક્ષિત છે તે અંગે ચિંતા વધી છે.

લખનઉમાં RSS નેતા, તેના દીકરા-ભાઈને ગોળીથી વીંધી નાખ્યાનો વિડિઓ વાયરલ

વીડિયોમાં આરોપી એક મેગેઝિન ખાલી થયા બાદ બીજી મેગેઝિન પિસ્તોલમાં લોડ કરીને ફરીથી ફાયરિંગ કરતો જોવા મળ્યો

લખનઉ,

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં ઈજીજી નેતા શિવા તિવારી સહિત ત્રણ લોકોની ચાર દિવસ પહેલા થયેલી હત્યાનો લાઈવ વીડિયો સામે આવ્યો છે. ૨ મિનિટ અને ૫૬ સેકન્ડના આ વીડિયોમાં આરોપી ઋષભ શુક્લા પિસ્તોલથી ધડાધડ ગોળીઓ ચલાવતો જોવા મળે છે. તેણે પહેલાં શિવા તિવારીના પુત્ર સુયશને ગોળી મારી હતી. પુત્રને બચાવવા વચ્ચે પડેલા શિવા તિવારીની પણ હત્યા કરી હતી. ત્યારબાદ તેમના ભાઈ શિવેન્દ્રને નિશાન બનાવ્યા હતા. આ દરમિયાન પરિવારની મહિલાઓ અને મૃતકોની દીકરી સુમેધા જીવ બચાવવા માટે આજીજી કરતી રહી હતી. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વીડિયોમાં આરોપી એક મેગેઝિન ખાલી થયા બાદ બીજી મેગેઝિન પિસ્તોલમાં લોડ કરીને ફરીથી ફાયરિંગ કરતો જોવા મળે છે. ગોળીબાર દરમિયાન આસપાસના લોકો પણ જીવ બચાવવા માટે ભાગી જતા દેખાય છે.

મળતી માહિતી મુજબ, શિવા તિવારી અને તેમના પાડોશી ઋષભ શુક્લા વચ્ચે ઝાડની આસપાસ ઓટલો બનાવવા અને ત્યાં કાર પાર્ક કરવા જેવી બાબતે વિવાદ થયો હતો. આ વિવાદમાં સૌથી પહેલાં શિવા તિવારીના પુત્ર સુયશ અને ઋષભ વચ્ચે બોલાચાલી અને મારામારી થઈ હતી. વાયરલ વીડિયોમાં બંને કાર પાસે ઝઘડતા જોવા મળે છે. આ દરમિયાન ઋષભ સુયશને નીચે પછાડીને તેના પેટમાં ગોળી મારી દે છે. પુત્રને બચાવવા માટે શિવા તિવારી દોડી આવે છે ત્યારે ઋષભ તેમના માથામાં ગોળી મારી દે છે. શિવા તિવારી જમીન પર પડી જાય છે, ત્યારબાદ પણ આરોપી તેમના પર વધુ ગોળીઓ ચલાવે છે.

પિતા અને ભાઈને ગોળી વાગતાં શિવા તિવારીના ભાઈ શિવેન્દ્ર પણ ઘટનાસ્થળે પહોંચે છે. આરોપી તેમને પણ ગોળી મારી દે છે. આ દરમિયાન શિવેન્દ્રની દીકરી સુમેધા આરોપીની સામે હાથ જોડીને પિતાનો જીવ બચાવવા આજીજી કરતી જોવા મળે છે. જોકે, આરોપી તેની વાત સાંભળતો નથી અને શિવેન્દ્ર પર ફરી ગોળી ચલાવે છે. વીડિયોમાં આરોપીની બહેન પણ શિવેન્દ્રને લાકડી મારતી જોવા મળે છે. ગોળીબાર બાદ આરોપી ભૂમો પાડતો જોવા મળે છે.

દિલ્હીમાં ધોળા દિવસે બંદૂકની અણીએ ૨.૩૦ કરોડ લૂંટાયા

નવીદિલ્હી,

દિલ્હીમાં દિવસે દિવસે ૨.૩૦ કરોડ રૂપિયાની મોટી લૂંટ થઈ છે. આ ઘટના લાહોરી ગેટ વિસ્તારમાં આવેલી એક ઓફિસમાં બની હતી. ચર્ચ મિશન પોલીસ ચોકીના અધિકારક્ષેત્રમાં ચાર સશસ્ત્ર ગુનેગારોએ લૂંટ ચલાવી હતી.

ગુનેગારો ઓફિસમાં ઘૂસી ગયા, બંદૂકની અણીએ એક કર્મચારીને ધમકાવ્યો અને રોકડ બેગ કબાટમાં ભરી દીધી. લૂંટાયેલી કુલ રકમ ૨.૩૦ કરોડ હોવાનો અંદાજ છે. ઘટના પછી, ગુનેગારો જૂની દિલ્હી રેલ્વે સ્ટેશનની સામે પાર્ક કરેલી કારમાં ઘટના સ્થળેથી ભાગી ગયા.લાહોરી ગેટ પોલીસ સ્ટેશનમાં લૂંટની કલમો હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસે આ કેસની તપાસ માટે ચાર ટીમો બનાવી છે. આ ટીમો વિસ્તારમાંથી સીસીટીવી ફૂટેજની સમીક્ષા કરી રહી છે. શંકાસ્પદોને ઓળખવા અને તેમના ભાગી જવાનો માર્ગ શોધવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

પોલીસ ટીમો વિવિધ ખૂણાથી કેસની તપાસ કરી રહી છે. ગુનેગારોના ચહેરા અને વાહનને ઓળખવા માટે સીસીટીવી ફૂટેજનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ગુનેગારોએ ઓફિસ વિશે માહિતી કેવી રીતે મેળવી તે નક્કી કરવા માટે પોલીસ આસપાસના વિસ્તારોમાં પણ પૂછપરછ કરી રહી છે.

ગૂગલની માર્કેટ વેલ્યૂમાં ઐતિહાસિક ધબડકો, રોકાણકારોમાં ચિંતાનું મોજું

માત્ર ૫ મિનિટમાં અલ્ફાબેટની માર્કેટ વેલ્યૂમાંથી ૪૮ લાખ કરોડનું ધોવાણ; ત્રિમાસિક પરિણામો અપેક્ષા કરતાં નબળાં રહેતાં શેરમાં જંગી વેચવાલી

વોશિંગટન,

અમેરિકા હોય કે ચીન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રમાં થઈ રહેલા અતિશય રોકાણને લઈને હવે રોકાણકારોની ચિંતા વધી રહી છે. તેની અસર ગૂગલની પેરેન્ટ કંપની અલ્ફાબેટના શેર પર પણ જોવા મળી છે. કંપનીના ત્રિમાસિક પરિણામો જાહેર થયા બાદ તેના શેરમાં ૧૩.૨ ટકા સુધીનો કડાકો બોલાયો હતો. આટલી મોટા ઘટાડાને કારણે માત્ર ૫ મિનિટમાં કંપનીના માર્કેટ કેપિટલાઈઝેશનમાં આશરે ૪૮ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થયું હતું. કંપનીના વેચાણના આંકડા અંદાજ કરતાં ઓછા રહેવા અને જાહેરાતની આવકમાં સુસ્તી આવતાં રોકાણકારોમાં ગભરાટ ફેલાયો હતો.

ગૂગલ અને તેની પેરેન્ટ કંપની અલ્ફાબેટ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રમાં મોટા પાયે રોકાણ કરી રહી છે. કંપની ડેટા સેન્ટર, કમ્પ્યુટિંગ ક્ષમતા અને ચૈં ટેક્નોલોજીના વિકાસ પાછળ જંગી ખર્ચ કરી રહી છે. જોકે, આટલા મોટા ખર્ચ સામે કંપનીને કેટલો નફો મળશે તે અંગે રોકાણકારોમાં સવાલો ઊભા થયા છે. અલ્ફાબેટેજુલાઈમાં જણાવ્યું હતું કે તેનો મૂડી ખર્ચ વધીને આશરે ૨૦૫ અબજ ડોલર થયો છે, જે અગાઉના વર્ષની સરખામણીએ લગભગ બમણો છે. આટલા મોટા રોકાણ છતાં કંપનીની આવકમાં અપેક્ષા પ્રમાણે વૃદ્ધિ ન દેખાતાં રોકાણકારોની ચિંતા વધી હતી.

કંપનીએ ત્રિમાસિક પરિણામો જાહેર કર્યા બાદ રોકાણકારોએ મોટા પાયે શેર વેચવાનું શરૂ કર્યું હતું. તેના કારણે અલ્ફાબેટના શેર માત્ર ૫ મિનિટમાં ૧૩.૨ ટકા તૂટીને ૨૭૯.૪૩ ડોલર પર પહોંચી ગયા હતા. આ ઘટાડાને કારણે કંપનીના માર્કેટ કેપિટલાઈઝેશનમાં આશરે ૫૦૦ અબજ ડોલર એટલે કે ૪૮ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થયું હતું.

એર -શો કાઉન્ટડાઉન : બોરતળાવમાં વાયુસેનાની ટીમે કર્યું મેપિંગ

કાલે ૯ વિમાનો કરશે ફાઇનલ રિહર્સલ - જે પણ રોમાંચક રહેશે !

કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાના સતત અને સક્રિય પ્રયાસોથી ભાવનગરવાસીઓ પ્રથમવાર નિહાળશે એશિયાની એકમાત્ર ૯ વિમાનોની દિલધડક એરોબેટિક સૂર્યકિરણ ટીમનું સાહસ



તસવીર : ધવલ વાજા

૯ હોક જેટ વિમાનોના કરતબોઃ ભારતીય વાયુસેનાની પ્રખ્યાત 'સૂર્યકિરણ એરોબેટિક ટીમ' દ્વારા ૯ લાલ અને સફેદ રંગના Hawk સ-૧૩૨ જેટ વિમાનો દ્વારા આકાશમાં રોમાંચક કરતબો રજૂ કરવામાં આવશે. આકાશમાં એક સાથે ૯ વિમાનોના દિલધડક કરતબ બતાવતી આ એશિયાની એકમાત્ર ટીમ છે.

ત્રિરંગાના રંગોની આકર્ષક રચનાઓઃ વિમાનો દ્વારા આકાશમાં તિરંગાના રંગોનો ધુમાડો (સ્મોક ટ્રેલ્સ) છોડીને અદ્ભુત દાવપેચ અને શિસ્તબદ્ધ ઉડાન દેખાડવામાં આવશે.

સમય : આ રોમાંચક એર શો લગભગ ૩૦ થી ૪૦ મિનિટ સુધી આકાશમાં અદભુત નજારા સર્જશે.

સંપૂર્ણ વિનામૂલ્યે પ્રવેશઃ આ એર શો નિહાળવા માટે નાગરિકો માટે પ્રવેશ સંપૂર્ણપણે વિનામૂલ્યે રાખવામાં આવ્યો છે, જેમાં કોઈ પણ પ્રકારના પાસ કે ટિકિટની જરૂર રહેશે નહીં.

ભાવનગર,તા.૩૦

ભાવનગરના ઇતિહાસમાં પ્રથમવાર આગામી રવિવાર તા. ૧ નવેમ્બરના રોજ ભારતીય વાયુસેના દ્વારા ભવ્ય એર શો યોજાવા જઈ રહ્યો છે, જેને લઈને ભાવનગરવાસીઓમાં ભારે આકર્ષણ અને ઉંતેજારી જોવા મળી રહી છે. કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયાના સક્રિય અને સતત પ્રયાસોથી ભાવનગરને આ ગૌરવવંતી ક્ષણ મળી છે, ત્યારે એર શો પૂર્વેની તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી છે અને શહેરમાં જબરદસ્ત ઉત્સાહનો માહોલ છે.

આ પ્રદર્શન દેશના શૌર્ય, શિસ્ત, સાહસ અને ટેક્નોલોજીકલ ક્ષમતાને નજીકથી નિહાળવાની સોનેરી તક પૂરી પાડશે. એર શો પૂર્વેની એક્ટિવિટીઓ શરૂ થઈ ચૂકી છે. જેના ભાગરૂપે આજે શુક્રવારે ભારતીય વાયુસેનાના ૪ હવાઈ જહાજ દ્વારા બોરતળાવ ખાતે હવાઈ મેપિંગ કરવામાં આવ્યું હતું, જેનો અદ્ભુત નજારો નિહાળવા મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યા હતા અને લોકોના પગ થંભી ગયા હતા. જ્યારે આવતીકાલે શનિવારે સવારે ૧૦:૩૦ કલાકે એર શો પૂર્વેનું ફાઇનલ રિહર્સલ વાયુસેના દ્વારા યોજાનાર છે, જે એક પ્રકારે 'મિની એર શો' સમાન બની રહેશે. આમ, ભાવનગર આકાશમાં વાયુસેનાના શૌર્ય અને સાહસની ગાથા જોવા માટે સંપૂર्णપણે સજ્જ છે.

એર શો પૂર્વે સાઉથ વેસ્ટર્ન એર ફોર્સ બેન્ડ ટીમ મધુર સુરાવલીઓ રેલાવશે

એર શો ના રોમાંચ પૂર્વે વાતાવરણને દેશભક્તિ અને સંગીતના રંગે રંગી દેશે એર ફોર્સ બેન્ડ ટીમ



ભાવનગર,તા.૩૦

ભાવનગરમાં યોજાનાર ઐતિહાસિક એર શોને લઈને નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ ભવ્ય એર શો પૂર્વે આગામી રવિવારે શહેરના જાણીતા પ્રવાસન સ્થળ બોરતળાવ ખાતે સાઉથ વેસ્ટર્ન એર ફોર્સ બેન્ડ ટીમ દ્વારા એક ખાસ સંગીતમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં બેન્ડના સભ્યો દેશભક્તિથી સભર મધુર સુરાવલીઓ પ્રસ્તુત કરશે.

ગાંધીનગર ખાતે મુખ્ય મથક ધરાવતી ભારતીય વાયુસેના (IAF) ના સાઉથ વેસ્ટર્ન એર ફોર્સ કમાન્ડ (SWAC) ની આ બેન્ડ ટીમમાં ૨૫ કુશળ સભ્યોનો સમાવેશ થાય છે. આ ટીમ દેશ અને ગુજરાતમાં વિવિધ રાષ્ટ્રીય પર્વો તથા વિશેષ પ્રસંગોએ પોતાની શાનદાર પ્રસ્તુતિ આપવા માટે જાણીતી છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે ૯ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ભુજના ટાઉન હોલ ખાતે SWAC બેન્ડ દ્વારા શાનદાર સંગીતમય કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. ભાવનગરના બોરતળાવ ખાતે યોજાનાર આ પ્રસ્તુતિ એર શોના રોમાંચ પૂર્વે વાતાવરણને દેશભક્તિ અને સંગીતના રંગે રંગી દેશે.

ખનિજ માફિયાને સરકારી અધિકારીઓની હિલચાલની માહિતી પહોંચાડતા વોટ્સએપ ગ્રુપનો કરાયો પર્દાફાશ

'જય રામાધણી' ગ્રુપ બનાવી અધિકારીઓની રેકી કરતા બે શખ્સ ઝડપાયા : સભ્યદીઠ માસિક રૂ. ૧ હજાર વસૂલતા હોવાનો ખુલાસો



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૩૦

ભાવનગર જિલ્લામાં ગેરકાયદેસર ખનન અને ખનિજની હેરફેર કરતા તત્વોને સરકારી અધિકારીઓની હિલચાલની અગાઉથી જાણ કરવા માટે વોટ્સએપ ગ્રુપ ચલાવાતું હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. આ મામલે ભાવનગર ગ્રામ્યના મામલતદાર અને પ્રાંત અધિકારીના ચાર્જમાં રહેલા એમ.ડી. પરમારે નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, તા. ૨૯ ઓક્ટોબરના રોજ રાત્રે જૂની કલેક્ટર કચેરીના દરવાજા પાસે હોન્ડા મોટરસાઈકલ પર બે શખ્સો શંકાસ્પદ રીતે વોચ રાખતા જોવા મળ્યા હતા. પોલીસને જાણ કરાતાં એલસીબીના કોન્સ્ટેબલ જયપાલસિંહ ગોહિલે ભગીરથસિંહ નરેન્દ્રસિંહ વાળા અને રોહિતભાઈ અભુભાઈ રાઠોડની પૂછપરછ કરી હતી.

પૂછપરછમાં ભગીરથસિંહે 'જય રામાધણી' નામનું વોટ્સએપ ગ્રુપ બનાવી ખનિજ ખોદકામ અને હેરફેર સાથે સંકળાયેલા લોકોને જોડ્યા હોવાનું અને અધિકારીઓની અવરજવર અંગે ઓડિયો મેસેજથી માહિતી આપતો હોવાનું જણાવ્યું હતું. આ કામગીરીના બદલામાં સભ્યદીઠ દર મહિને રૂ. ૧ હજાર વસૂલતા હોવાનો પણ ખુલાસો થયો હતો. આરોપીઓ સરકારી અધિકારીઓની રેકી કરી ખનિજ માફિયાઓને તપાસથી બચવામાં મદદ કરતા હોવાની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહુવાના ધરાઈ ગામે મહિલા સાથે સેલ્ફી લેનાર યુવાનને ફટકારાયો

પરિણીતા સાથેના સંબંધની અદાવતમાં હીરાના કારખાનાના મેનેજરનેઘર બહાર બોલાવી ઢોરમાર માર્યોઃ તેની પત્નીને પણ જાનથી મારી નાખવાની ધમકી

ભાવનગર,તા.૩૦

મહુવા તાલુકાના ધરાઈ ગામે હીરાના કારખાનામાં મેનેજર તરીકે કામ કરતા યુવાનને એક પરિણીતા સાથે સેલ્ફી પાડવી ભારે પડી છે. અગાઉના મનદુઃખ અને બોલાચાલીની દાજ રાખીને બે મહિલાઓ સહિત છ શખ્સોના ટોળાએ યુવક પર લાકડીઓ વડે આડેધડ હુમલો કરી લોહિયાળ ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ઈજાગ્રસ્ત યુવકની ફરિયાદના આધારે બગદાણા પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મહુવાના ધરાઈ ગામે તેજાભાઈ હમીરભાઈના મકાનમાં રહીને હીરાના કારખાનામાં મેનેજર તરીકે નોકરી કરતા સુરેશભાઈ શિવાભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૭) ને ખેતમજૂરી કરતી એક પરિણીતા સાથે પરિચય થયો હતો અને બંને વચ્ચે બોલચાલનો વ્યવહાર હતો. જેની જાણ થતાં અગાઉ ચાર મહિના પહેલાં પરિણીતાના પતિએ તેમને ઠપકો પણ આપ્યો હતો. તેમ છતાં ગત તા. ૨૦/૧૦ ના રોજ સુરેશભાઈએ તે પરિણીતા સાથે સેલ્ફી પાડી હતી, જેની જાણ તેણીના પરિવારને થતા મામલો ઉગ્ર બન્યો હતો.

આ બાબતનો ખાર રાખીને ગત તા. ૨૭/૧૦ ના રોજ મંગળવારે રાત્રિના સમયે ભુપત મનજીભાઈ ચૌહાણ, હાર્દિક હરજીભાઈ, હરજી, સંજય મથુરભાઈ, લીલીબેન મથુરભાઈ અને પૂજાબેન ઉર્ફે પદુબેન ભુપતભાઈ ચૌહાણ (તમામ રહે. ધરાઈ) એકસંપ થઈને સુરેશભાઈના ઘરે આવ્યા હતા અને તેમને ઘરની બહાર બોલાવીને લાકડીઓ વડે આડેધડ માર માર્યો હતો. આ હુમલા દરમિયાન વચ્ચે પડીને બચાવવા ગયેલા સુરેશભાઈના પત્નીને પણ આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ હુમલામાં સુરેશભાઈને માથાના ભાગે ગંભીર અને લોહિયાળ ઈજાઓ પહોંચતા તેમને તુરંત જ સારવાર અર્થે પ્રથમ બગદાણા અને ત્યારબાદ મહુવા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે ઈજાગ્રસ્ત સુરેશભાઈ ચૌહાણની ફરિયાદના આધારે બગદાણા પોલીસે ઉપરોક્ત બે મહિલાઓ સહિત તમામ છ આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઘોઘાના તગડી અને જેસરમાં જાહેરમાં જુગાર રમતા ૮ શખ્સો ઝડપાયા, એક નાસી છૂટ્યો

ભાવનગર,તા.૩૦

ભાવનગર જિલ્લામાં જુગારની પ્રવૃત્તિઓ પર નાકેબંધી કરવા માટે ઘોઘા અને જેસર પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા વિશેષ પેટ્રોલીંગ દરમિયાન ત્રણ અલગ-અલગ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહીમાં તીન પત્તીનો હારજીતનો જુગાર રમતા કુલ ૮ ઈસમોને રોકડ રકમ અને ગંજીપત્તાના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયા હતા, જ્યારે ઘોઘાના એક કેસમાં એક આરોપી બાવળની કાંટનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

પ્રથમ બનાવ ઘોઘા પોલીસ સ્ટેશન હેઠળના તગડી ગામે ઈસ્ઝ પ્લાન્ટ પાસે બન્યો હતો, જ્યાં બાવળની કાંટમાં જુગાર રમતા રોહીતભાઈ નાથાભાઈ કંટારીયા, પ્રવિણભાઈ નાકુભાઈ મકવાણા અને બુધાભાઈ સુકુભાઈ કંટારીયા (તમામ રહે. ભૂતેશ્વર) ને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે વિજયભાઈ ગીલાભાઈ કંટારીયા નામનો ઈસમ ભાગી છૂટ્યો હતો. સ્થળ પરથી રૂા. ૧૩,૪૦૦ નો મુદ્દામાલ કબજે કરી હેડ કોન્સ્ટેબલ ચેતનસિંહ જીતુભા સરવૈયાએ તપાસ હાથ ધરી છે.

બીજો બનાવ જેસર તાલુકાના અયાવેજ નં. ૦૨ ગામના સ્મશાન પાસે બન્યો હતો, જ્યાંથી વિક્રમભાઈ જીણાભાઈ ડાભી અને મુકેશભાઈ સડથાભાઈ પરમારને રૂા. ૧૧૩૦ ની રોકડ સાથે પકડી પાડવામાં આવ્યા હતા, જેની તપાસ હેડ કોન્સ્ટેબલ ભરતસિંહ જેસીંગભાઈ મોરી ચલાવી રહ્યા છે. જ્યારે ત્રીજા બનાવમાં જેસરના વડવાળાનગર શેરી નં. ૪ માં દરોડો પાડી પુનાભાઈ મણીભાઈ ચૌહાણ, રાજુભાઈ ભીમજીભાઈ ચૌહાણ અને ભવાનભાઈ કરશનભાઈ રાઠોડને રૂા. ૫૨૦ ના મુદ્દામાલ સાથે ગંજીપત્તા રમતા ઝડપી પાડવામાં આવ્યા હતા, જેમાં આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ ભારતસિંહ હેમંતસિંહ વેગડ કરી રહ્યા છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગાર અટકાયતી અધિનિયમની કલમ ૧૨ હેઠળ ગુના નોંધ્યા છે.

તગડી, અયાવેજ અને વડવાળાનગરમાં જુગારની મંડાયેલી બાજી પર દરોડાઃ કુલ રૂા. ૧૫,૦૫૦ નો મુદ્દામાલ જપ્ત

કોર્પોરેશને જપ્ત કરેલી મીલકતનું સીલ તોડી નાખતા પ્રથમવાર પોલીસ ફરિયાદ

ઘરવેરાની વસુલાત અર્થે મનપાની રિકવરી ટીમ દ્વારા રામદેવનગર વિસ્તારમાં કરવામાં આવી હતી કાર્યવાહી

ભાવનગર,તા.૩૦

ભાવનગર શહેરમાં મિલકત વેરા (ઘરવેરા) ની લાંબા સમયથી બાકી રહેતી રકમની વસૂલાત માટે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. પશ્ચિમ ઝોન હેઠળની રિકવરી ટીમ દ્વારા મિલકત વેરો ન ભરનાર આસામીઓ સામે જપ્તી અને સીલિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બોરતળાવ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા નારી રોડ, કુંભારવાડા અવેડા પાછળ, રામદેવનગર ખાતે રહેતા સોહલા રાહાભાઈ ખોડાભાઈ દ્વારા ઘરવેરો ભરપાઈ ન કરવામાં આવતા, મનપાના સક્ષમ અધિકારીઓના આદેશ અને જપ્તી વોરંટ અન્વયે ગત તા. ૧૬/૦૯/૨૦૨૬ના રોજ તેમની મિલકતને પંચરોજકામ વગર તેમજ ત્યારબાદ કાનૂની પ્રક્રિયા મુજબ સીલ કરવામાં આવી હતી. મનપાની રિકવરી ટીમે જ્યારે સ્થળ તપાસ કરી ત્યારે મિલકત પર મારેલું સત્તાવાર સીલ તૂટેલું અને અનાદર થયેલું હોવાનું ધ્યાને આવ્યું હતું. આ મામલે મનપાની લીગલ શાખા અને પેનલ એડવોકેટનો કાનૂની અભિપ્રાય મેળવવામાં આવ્યો હતો, જેમાં સીલ અનધિકૃત રીતે તોડી નાખનાર જવાબદાર વ્યક્તિ સામે પોલીસ ફરિયાદ નોંધાવવા સ્પષ્ટ સલાહ આપવામાં આવી હતી. જે અંતર્ગત મહાનગરપાલિકાના રિકવરી ઓફિસર અરવિંદભાઈ ગટોરભાઈ મેર દ્વારા બોરતળાવ પોલીસ સ્ટેશને રૂબરૂ ફરીયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૨૨૩ તથા ૩૨૪(૨) મુજબ ગુનો નોંધી, હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ છગનભાઈ ગોહિલને આગળની તપાસ સોંપી છે. મનપાના સક્ષમ સત્તાધિકારીના હુકમોનો અનાદર કરી કાયદાકીય સીલ તોડનાર ઈસમો સામે કડક કાર્યવાહી કરાતા પાલિકા વર્તુળોમાં ચકચાર મચી જવા પામી છે.

મહુવા માર્કેટિંગ યાર્ડમાં જૂની અદાવતમાં યુવક ઉપર હુમલો

કાકાને ગાળો ભાંડતા ઠપકો આપવા ગયેલા ભત્રીજાને મારમારી જાનથી મારી નાખવાની ધમકી

ભાવનગર,તા.૩૦

ભાવનગર જિલ્લાના મહુવા માર્કેટિંગ યાર્ડમાં જૂની અદાવતને લઈને એક યુવક પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો છે. આ બનાવમાં નોમાન સફીભાઈ વલીયાણી (ઉં.વ. ૨૦)ને ઈજા પહોંચતાં સારવાર માટે મહુવા જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

બનાવ અંગે મળતી માહિતી મુજબ, નોમાનના કાકા રિઝવાનભાઈ યાસીનભાઈ વલીયાણી માર્કેટિંગ યાર્ડમાં ગાડી ભરવાની મજૂરી કરતા હતા ત્યારે ફઝલે કરીમ કાસમભાઈ તૈયબાણી ત્યાં આવી તેમને ગાળો આપવા લાગ્યો હતો. જેથી કાકાએ નોમાનને ફોન કરતાં તે યાર્ડમાં પહોંચ્યો હતો. જ્યાં ફઝલે કરીમે તેને પણ ગાળો આપી ઝઘડો કરી મારામારી શરૂ કરી હતી. આરોપીએ નોમાનને મુંઢમાર મારવા ઉપરાંત સ્ટીલના અનાજ ઉપાડવાના સાધનથી હુમલો કર્યો હતો. ત્યારબાદ બંને વચ્ચે સામસામી મારામારી થઈ હતી.

આરોપીએ જતા સમયે નોમાન અને તેના કાકાને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જૂની અદાવતનું કારણ એ છે કે આશરે અઢી વર્ષ અગાઉ બાબરા ખાતે સીગદાણાની ભરેલી ગાડીની લૂંટના કેસમાં આરોપી સામે ફરિયાદ નોંધાઈ હતી, જેનો કેસ બાબરા કોર્ટમાં ચાલુ છે. આ મામલે મહુવા પોલીસે BNSની કલમ ૧૧૫(૨), ૩૫૨ અને ૩૫૧(૩) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રેનોલ્ટ કારચાલકે બ્રેક મારતાં પેરોલ-ફર્લો સ્કવોડની બોલેરો પાછળથી અથડાઈ

શિહોરના ખાખરિયા ગામના પાટિયા પાસેના બનાવમાં બે પોલીસ કર્મચારીઓને ઈજા



ભાવનગર,તા.૩૦

શિહોરથી ભાવનગર તરફ આવી રહેલી પેરોલ-ફર્લો સ્કવોડની સરકારી બોલેરો કારને રેનોલ્ટ કારચાલકે અચાનક બ્રેક મારતાં અકસ્માત સર્જાયો હતો. ખાખરિયા ગામના પાટિયા પાસે સર્જાયેલા આ અકસ્માતમાં બે પોલીસ કર્મચારીઓને ઈજા પહોંચતાં સારવાર માટે શિહોરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બનાવ અંગે મળતી માહિતી મુજબ, તા. ૨૯ ઓક્ટોબરના રોજ રાત્રે પેરોલ-ફર્લો સ્કવોડના પોલીસ કોન્સ્ટેબલ અર્જુનસિંહ ગોગુભા ગોહિલ સરકારી બોલેરો ચલાવી રહ્યા હતા. તેમની સાથે હેડ કોન્સ્ટેબલ એચ.એચ. સોલંકી અને કોન્સ્ટેબલ કુલદીપસિંહ ગોહિલ પણ ફરજ પર હતા. દરમિયાન રાત્રે આશરે ૧૦:૪૦ વાગ્યે ખાખરિયા ગામના પાટિયા પાસે આગળ જતી રેનોલ્ટ લોડજી કારના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે કાર હંકારી બોલેરોની સાઈડ કાપી હતી. ત્યારબાદ સપાકાર રીતે કાર ચલાવી અચાનક બ્રેક મારતાં બોલેરો પાછળના ભાગે અથડાઈ હતી. અકસ્માતમાં અર્જુનસિંહને માથા તથા બંને ઘૂંટણમાં મૂઢ ઈજાઓ થઈ હતી, જ્યારે કુલદીપસિંહને નાકના ભાગે ઈજા થઈ હતી. બંનેને ૧૧૨ની મદદથી હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. આ અંગે શિહોર પોલીસે કારચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

મુક્ત માર્ગ, ઝડપી ભારતઃ ટોલ વ્યવસ્થાનું નવું સ્વરૂપ

પરિવહન એ કોઈ પણ દેશના અર્થતંત્રની જીવાદોરી છે. ભારતમાં દરરોજ લાખો વાહનો લાંબા અંતરની મુસાફરી કરે છે. આ મુસાફરી દરમિયાન ટોલનાકાં પર રોકાવું પડે એ ઘણી વાર સમય, ઇંધણ અને ધીરજ ની ત્રણેયની ખોટ સર્જે છે. સરકારી આંકડા મુજબ દેશના ટોલનાકાંમાંથી વાર્ષિક ૨૪ થી ૨૫ હજાર કરોડ રૂપિયાની આવક થાય છે, પણ આ વસૂલાત પાછળ જ ૧૦ થી ૧૫ ટકા રકમ વહીવટમાં ખરાઈ જાય છે. વધુ ચિંતાજનક બાબત એ છે કે આઈઆઈએમ-કોલકાતાના એક અભ્યાસ અનુસાર ટોલનાકે થતા વિલંબને કારણે દર વર્ષે આશરે ૬૦ હજાર કરોડ રૂપિયાનું ઇંધણ વ્યર્થ બળી જાય છે.FASTag એ આ સમસ્યાના ઉકેલ તરીકે રજૂ થયો હતો. પ્રારંભિક તબક્કે વાહનને બેરિયર પાસે ધીમું કરવું પડતું હતું, જેનાથી કતારો રહેતી. પરંતુ હવે નંબર પ્લેટ ઓળખતા કેમેરા સાથે FASTag જોડાઈ જતાં અવરોધરહિત ટોલ વસૂલાત શક્ય બની છે. વાહન ધીમું કર્યા વગર, ઊભું રહ્યા વગર ટોલ પસાર કરી શકે છે.

ખાનગી કાર, જીપ અને વાન માટે FASTag વાર્ષિક પાસની સુવિધા પણ ઉપલબ્ધ છે. જોકે આ સુવિધા ફક્ત પાત્ર બિનવ્યાપારી વાહનો માટે છે; તમામ વાહનોને તે લાગુ પડતી નથી.અહીં એ સ્પષ્ટ સમજવું જરૂરી છે કે FASTag વાર્ષિક પાસ અને અવરોધરહિત ટોલ વસૂલાત લ આ બે સંપૂર્ણપણે અલગ વ્યવસ્થાઓ છે. વાર્ષિક પાસ ચોક્કસ શરતોને આધીન ટોલ ચુકવણીની પદ્ધતિ બદલે છે, જ્યારે અવરોધરહિત વ્યવસ્થા વાહનને રોક્યા વગર ચુકવણી પૂર્ણ કરે છે.નવી વ્યવસ્થા ઘડતી વખતે સરકારી આવક ટકાવી રાખવી એટલી જ જરૂરી છે જેટલી નાગરિકોનો સમય અને પૈસા બચાવવા. ટોલની આવક માર્ગોની જાળવણી અને વિકાસ પાછળ વપરાય છે, તેથી કોઈ પણ વિકલ્પમાં આવક ઘટવી ન જોઈએ અને રસ્તાઓની ગુણવત્તા પણ ટકવી જોઈએ. નવી પદ્ધતિથી થતી બચત, વહીવટી ખર્ચમાં થતો ઘટાડો અને વાહનચાલકોને મળતી રાહત લ આ ત્રણેયનું સ્વતંત્ર મૂલ્યાંકન થવું જોઈએ.આજના ભારતને ફક્ત નવા રસ્તાઓ જ નહીં, વધુ સ્માર્ટ પરિવહન વ્યવસ્થા પણ જોઈએ. સાચા વિકાસનો અર્થ એ છે કે નાગરિકનો સમય બચે, ઇંધણનો વ્યય ઘટે, પ્રદૂષણ ઓછું થાય અને જાહેર નાણાંનો મહત્તમ ઉપયોગ થાય. ટોલનાકાંની હાલની વ્યવસ્થામાં સુધારો કરવો કે સંપૂર્ણપણે નવી પદ્ધતિ અપનાવવી લ એ નિર્ણય અભ્યાસ અને પુરાવા પર આધારિત હોવો જોઈએ. સરકાર, પરિવહન નિષ્ણાતો, વીમા ક્ષેત્ર, ઉદ્યોગજગત અને સામાન્ય નાગરિકો સાથે ચર્ચા–વિચારણા કરીને આ દિશામાં આગળ વધી શકાય.

ટોલટેક્સ વસૂલવાનો હેતુ માર્ગ વિકાસ માટે નાણાં મેળવવાનો છે, લોકોને બિનજરૂરી વિલંબમાં ફસાવવાનો નહીં. જો નવીન વિચારસરણી, યોગ્ય આયોજન અને આધુનિક ટેક્નોલોજીના સંયોજનથી ટોલ વસૂલાત સરળ બનાવી શકાય, તો દેશની ઉત્પાદકતા વધારવામાં પણ મદદ મળશે. સમયની બચત એ જીવનની બચત છે, ઇંધણની બચત એ પર્યાવરણની બચત છે, અને વહીવટી ખર્ચમાં ઘટાડો એ જાહેર નાણાંનો વધુ સારો ઉપયોગ છે.

ઊંચેરા આભને આંબતા કલાના કિરણો...



ભાવનગર શહેર એક કલા પ્રેમી અને કલાની સાધના કરતુ શહેર છે. જ્યાં દરેક ક્ષેત્રમાં કોઈપણ વસ્તુને કલાત્મકતાનો ઓપ આપવામાં આવે છે. રોડની સાઈડમાં આવેલી દીવાલ હોય તો ત્યાં સમાજને સંદેશ પુરા પાડતા ચિત્રો, અમુક સમયે રોડ પણ સકારાત્મક પ્રેરણા આપતી રંગોળી કે પછી કોઈપણ મોટી ઈવેન્ટ્સ હોય ત્યાં કલા છલકાતી જોવા મળે છે. બસ આવી કલા સાધના આજે આભને આંબતી જોવા મળી. સીદસર થી લાખણકા ડેમ તરફ જતાં એક ઓવરહેડ પાણીની ટાંકી જોવા મળે છે. જેના પર ખરેખર ખુબ જ જીણવટ ભરી અને બારીકાઈ સાથેનું સુંદર ચિત્ર દોરવામાં આવ્યું છે. દૂરથી ખુબ જ અદભુત લાગતી આ કલા પર સૂર્યનાં કિરણો જયારે પડે છે ત્યારે મન પ્રફુલ્લિત થઈ જાય છે. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ખરેખર ભાવનગરની કલાને આંબતી કરી છે કે જેના પર કિરણો પડતા સોનેરી કલાના દર્શન થાય છે. ધન્ય છે ભાવનગરની કલા પ્રિય જનતાને.....

વિદુરજીનો ઉપદેશ

વિદુરે ધૃતરાષ્ટ્રને નીતિની વાત કરી. તમે અજાતશત્રુ મહાત્મા યુધિષ્ઠિરને તેમનો ભાગ આપી દો. ભીમરૂપી કાળા નાગથી તો તમે પણ ઘણા ગભરાઓ છો; તેમના નાના ભાઈઓ સહિત તેઓ પ્રતિશોધ માટે ફુંફાડા મારી રહ્યા છે. તમને ખબર નથી શ્રીકૃષ્ણે પાંડવોને અપનાવી લીધા છે.મહાભારતમાં વિદુરનીતિ બહુ જ પ્રસિદ્ધ છે. મહાભારતના વિદુરજી પોતે સ્પષ્ટ વક્તા છે અને જ્ઞાની છે. શ્રીમદ્ ભાગવતજીમાં વિદુરજી સ્પષ્ટ વક્તા અને જ્ઞાની સાથે ભગવાનના ભક્ત તરીકે પ્રસ્તુત થાય છે. ભગવાનને અત્યંત પ્રિય પાત્ર એટલે વિદુરજી. જયારે ભગવાન શ્રીકૃષ્ણએ ઉદ્ધવજીને જ્ઞાન આપ્યું તે સમયે ભગવાન શ્રીકૃષ્ણએ ઉદ્ધવજીને કહ્યું હતું કે, 'મારો ભક્ત વિદુર મળે તો તેમને આ જ્ઞાન આપજો'. શ્રીમદ્ ભાગવતજીના તૃતિય સ્કંધના પ્રથમ અધ્યાયમાં વિદુરજીની તિર્થયાત્રાનું વર્ણન છે. વિદુરજી કોઈ સામાન્ય વ્યક્તિ નહોતા. હસ્તિનાપુરના મંત્રી હતાં. ભગવાનના ભક્ત હતાં. માટે જયારે ભગવાન શ્રીકૃષ્ણ શાંતિદુત બની હસ્તિનાપુરમાં આવ્યા તે સમયે ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું કે, હે દુર્યોધન ! પાંડવોને રહેવા માટે પાંચ ગામ તો આપો.! તે સમયે દુર્યોધને કહ્યું કે, સોંયના અણી જેટલી જમીન પણ પાંડવોને નહીં મળે. પાંડવોએ જે કંઈ લેવું હશે એ યુદ્ધ કરીને મેળવવું પડશે. એ બધી વાત જવાદો ! છપ્પનભોગ તૈયાર છે. ભગવાન બોલ્યાં હે દુર્યોધન ! તને ખબર નથી કે વ્યક્તિ ક્યારે ભોજન કરે ? એક તો આપત્તિના સમયે ભોજન કરવું જ પડે અવું હોય ત્યારે વ્યક્તિ જમે અને બીજું કે જો જમાડવાવાળાનો ભાવ હોય ત્યારે વ્યક્તિ ભોજન કરે. અત્યારે આ બન્નેમાંથી એકેય પરિસ્થિતિનો હું અહેસાસ કરતો નથી. હું નથી અત્યારે આપત્તિમાં કે નથી તને મારા ઉપર કોઈ ભાવ ! તો હું શું કામ ભોજન કરું? દુર્યોધનના છપ્પનભોગનો ત્યાગ કરી ભગવાન વિદુરજીના મહેલમાં આવ્યાં. કુંતાજીને મળી વિદુરજીને મળી ભગવાન નિકળ્યા. તે સમયે ધૃતરાષ્ટ્રે વિદુરજીને બોલાવ્યાં.

સંતે પ્રસન્નતાનું રહસ્યોદ્ઘાટન કર્યું

એ યુવાન સંતની કુટીર પાસે આવીને ઊભો છે. કુટીરની બહારનું દ્રશ્ય એ એકચિત્તે નિહાળી રહ્યો છે. 'વાહ ! કલકલ વહેતી નદી નિર્મળ સરિતાને કિનારે તે રળિયામણા અને શાંત ઉપવનના સાન્નિધ્યે આ કુટીર આવેલી છે. વૃક્ષોની ડાળો પર બેઠેલાં પક્ષીઓનો કલરવ પૂરા વાતાવરણને સંગીતમય બનાવે છે. ફૂલો પર બેસીને મધુર રસ ચૂસતા ભ્રમરોને તેનો નાદ કર્ણમધુર છે. નદીની લહેરોને સ્પર્શીને આવતો મંદ સમીર તનમનને તરબતર કરે તેવો છે, પરંતુ આટલું આહલાદક અને સુંદર વાતાવરણ હોવા છતાં મારા મનને કેમ શાંતિ નથી અને હું જ્યારે જ્યારે અહીં આવું છું, મને આ સંતના દર્શન કરું છું ત્યારે મને એવું લાગે છે કે, આ સંત હંમેશાં પ્રસન્ન જ હોય છે. મને સંત જેવી સંપૂર્ણ પ્રસન્નતાના માલિક બનવાની ઝંખના છે તે ક્યારે પૂર્ણ થશે ? હા, ઘર કે ઓફિસના વાતાવરણમાંથી બહાર નીકળી જ્યારે જ્યારે અહીં આવું ત્યારે થોડીક હળવાશનો અનુભવ થાય છે, પણ તે ઘડી-બે ઘડી. ઓફિસ, ઘર વગેરેની પ્રવૃત્તિનું સ્મરણ થતાં નિરાકુળ દશા સરી જાયપ આવું સતત ચાલ્યા કરે.' એટલામાં સંત બહાર આવે છે અને યુવકને પૂછે છે, 'ભાઈ, તું ક્યારે આવ્યો ? અને આમ ગંભીર વિચારમગ્ન મુખમુદ્રા ? શેના વિચારે ચડી ગયો છે ?' યુવાને ગુરૂજીને વંદન કર્યા અને કહે કે, 'એક વાતની મને મૂંઝવણ છે. ગુરૂજીએ સ્મિત સાથે કહ્યું, 'ભાઈ, આજે આપણે આ મૂંઝવણને ઉકેલી દેવી છે. મને કહે શી વાત છે ?'

'ગુરૂજી, હું જ્યારે જ્યારે અહીયા આવું ત્યારે ત્યારે મેં હંમેશાં તમારી પ્રસન્ન મુખમુદ્રાનાં જ દર્શન કર્યાં છે. ક્યારેક તમારા મુખ પર મેં ઉદાસી, પ્રતિકૂળતા, ગ્લાનિ કે લગીરે દુઃખ-દર્દવાળી રેખાઓ જોઈ જ નથી. હા, અહીં તમે એકાંતમાં રહો, સ્વતંત્ર વિચરણ કરો છો, સંસારની જવાબદારીથી મુક્ત છો એ પણ પ્રસન્નતાનું એક કારણ હોય, પણ સાથે સાથે તમે છદ્મસ્થ શરીરધારી છો, ક્યારેક શરીર પીડા આપે, ક્યારેક સ્વાસ્થ્ય બરાબર ન હોય, માટે ઘણીવાર તમારે પણ પ્રતિકૂળ સંજોગોનો સામનો કરવો પડતો હોય છતાં તમારી પ્રસન્નતાની અખંડતા અને સાતત્ય હું જઈ શકું છું. તમારી આ પ્રસન્નતાનું રહસ્ય શું ? ગુરૂજી, આવી પ્રસન્નતાનો હું સ્વામી કઈ રીતે બની શકું ? મને તેનો સચોટ ઉપાય બતાવો.' ગુરૂ કહે, 'ચાલ મારી સાથે.' યુવક અને સંત થોડું આગળ ચાલ્યા પછી સંત કહે, 'તું આ પથ્થર ઊંચકી લે.' યુવાને તે પથ્થર ઉંચકી લીધો. સંત કહે, 'જ્યાં સુધી તને પ્રસન્નતાની અનુભૂતિ ન થાય ત્યાં સુધી તું આ પથ્થર ઉપાડીને જ ચાલજે, જેવી અનુભૂતિ થાય ત્યારે તરત આ પથ્થર છોડી દેજે.' થોડું આગળ ચાલ્યા. સંત કહે, 'તો રસ્તાની બન્ને બાજુ ઊભા પાકથી લહેરાતાં ખેતરો, મા વસુંધરાની માનવ, પશુ-પંખીની ક્ષુધા સંતોષવીપ આ અનુપમ ભેટ છે. જો કેવું સુંદર વાતાવરણ છે ! યુવક નિરુત્તર આગળ ચાલે છે. આગળ જતાં નદી આવે છે. સંત કહે, 'ભાઈ, ખળખળ વહેતી આ સરિતાના નીરમાંથી પ્રગટ થતું સંગીત માણવા જેવું છે ! જો ભાઈ, સમગ્ર સૃષ્ટિના જીવોની તૃષા છીપાવવા લોકમાતાના ઉપકારના સાતત્યનું દર્શન કેવું રળિયામણું છે ! છતાં તારા મુખ પર પ્રસન્નતાના ભાવો કેમ નથી ?' બે-ત્રણ કિલોમીટર આગળ ચાલ્યા. નપાણિયા પ્રદેશમાં પ્રવેશ્યા. બંજર જમીન સડક કિનારે છૂટાછવાયાં પર્ણવિહીન વૃક્ષો, સૂમસામ રસ્તો. સંત કહે, 'હવે આ પથ્થર નીચે મૂકી દે અને આગળ ચાલ.' બે-પાંચ ડગલાં ચાલ્યા પછી સંત યુવકને પૂછે છે, 'હવે કેવું લાગે છે ?' યુવક કહે, 'હું હળવો થયો. મને પ્રસન્નતાની અનુભૂતિ થઈ રહી છે.' સંત કહે, 'તેં જ્યાં સુધી તે પથ્થર ઉપાડ્યો હતો ત્યાં સુધી આહલાદક પ્રકૃતિ, સૌંદર્યસભર વાતાવરણમાં પણ તને પ્રસન્નતા ના મળી, કારણ કે તું પથ્થરના ભાર સાથે ચાલતો હતો. એક પથ્થર મૂકતાં બંજર રસ્તો સારું વાતાવરણ ન હોવા છતાં પ્રસન્નતા મળી, કારણ ભાર ગયો, હળવાશ આવી તેથી પ્રસન્નતા મળી.'

વિશેષ

આપણે ઇચ્છાઓ, અપેક્ષાઓના પોટલા સાથે ચાલીએ છીએ. રાગ, દ્વેષ, લોભ, માન, માયા, ક્રોધના કષાયના ભાર સાથે જીવનમાં ચાલીએ છીએ જેથી પ્રસન્નતાની અનુભૂતિ થતી નથી. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ આ ચાર સંજ્ઞાઓનો ભાર વેંઢારીને ચાલીએ છીએ જેથી જીવનમાં પ્રસન્નતા ગુમાવીએ છીએ. યાદ રહે, સરળતા જ જીવનનું સૌંદર્ય છે. આહાર પ્રત્યેની આસક્તિ ઓછી, અન્યને અભયદાન આપીએ, પરિગ્રહ અને વાસના પાતળી પડે તો પ્રસન્નતા આપણા દરવાજા પર ઊભી હશે. પ્રસન્નતાના રહસ્યોદ્ઘાટન કરનાર સંતને યુવક કહે, 'હે કલ્યાણમિત્ર ગુરૂભગવંત, હવે મને સમજાયું કે, પ્રસન્નતાનો ભંડાર તો મારી ભીતરમાં જ છે.'

બાયોટેકનોલોજી : કચરાને સંપત્તિમાં ફેરવવાનો જાદુ

આપણા શહેરોમાં રોજેરોજ જે કચરો એકઠો થાય છે એને આપણે ફેંકી દઈએ છીએ, પણ એ કચરો ખરેખર નકામો છે ખરો? આ સવાલનો જવાબ હવે બદલાઈ ગયો છે. જે ઉકરડા આપણને દૂરથી દુર્ગંધ આપતા હતા અને આંખોને અશોભનીય લાગતા હતા, એ જ ઉકરડા આજે બાયોટેકનોલોજીના વરદાનથી આર્થિક સધ્ધરતાના સોપાન બની શકે છે.

શહેરી ઘન કચરો એટલે કે સીટી ગાર્બેજ આજે માથાના દુખાવા જેવો બન્યો છે, પણ સાચી રીતે જોઈએ તો એમાંથી કુદરતી ખાતરથી માંડીને પાવર જનરેશન સુધીની શક્યતાઓ છુપાયેલી છે. આપણે ફક્ત દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે. ભાવનગર, રાજકોટ, જામનગર જેવા શહેરોમાં ઘન કચરાના નિકાલની સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે, પણ આ જ સમસ્યા સમાધાનનો દ્વાર પણ છે. શહેરોમાં નગરજનો દ્વારા રોજેરોજ ફેંકવામાં આવતા કચરાને સીટી ગાર્બેજ કહેવામાં આવે છે, જયારે કારખાનાઓ અને ઉદ્યોગનગરમાંથી નીકળતા કચરાને ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ કહેવાય છે. આ ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ ઘન, પ્રવાહી અથવા વાયુ રૂપમાં હોઈ શકે છે અને એ ખૂબ જ જોખમી પ્રદૂષણ ફેલાવે છે. ગુજરાતની ઔદ્યોગિક વસાહતો જે પ્રદૂષણ ફેલાવે છે તેનો કોઈ સચોટ ઉપાય હજુ આવ્યો નથી. ગત વર્ષોમાં અમુક ઔદ્યોગિક વિસ્તારને ક્રિટિકલ પોલ્યુશન ઝોનમાં મૂકવામાં આવ્યો અને ગુજરાતના ઘણા ઔદ્યોગિક એકમોને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ક્લોઝર નોટિસો આપવામાં આવી છે, જે દર્શાવે છે કે ઔદ્યોગિક પ્રદૂષણનો પ્રશ્ન કેટલો ગંભીર છે.

જો આપણે માત્ર સીટી ગાર્બેજ એટલે કે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની વાત કરીએ તો આ પ્રશ્ન પણ ઉકેલવો જરાય સહેલો નથી. ભાવનગરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સોલિડ વેસ્ટના નિકાલનું કામ ખૂબ સારી રીતે થાય છે, પરંતુ આ કચરાનો જે રીતે સાર્થક ઉપયોગ થવો જોઈએ તે હજુ થઈ શકતો નથી. ભાવનગરમાં રૂવાપરીના મંદિર પાસે તથા નારી ગામ પાસે કચરાના નિકાલની સાઇટ આવેલી છે. ચાવડી ગેટ પાસે સીટી ગાર્બેજ ને પ્રોસેસિંગ કરવાનો પ્લાન્ટ આવેલો છે.સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા શહેરી વિસ્તારની બહાર રોજેરોજ ખડકાતા આવા ઘન કચરાના વિશાળકાય ઢગલાઓમાંથી આવતી માથું ફાડી નાખે એવી બદબૂથી વાતાવરણ પ્રદૂષિત થાય છે અને વરસાદી બાષ્પીભવનને કારણે આ કચરા દ્વારા જમીન તથા ભૂગર્ભ જળ સુધ્ધા પ્રદૂષિત થઈ ગયા છે. વાસ્તવમાં આ માટે કાયદાઓ પણ છે. ધી મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલિંગ રૂલ્સ ૨૦૦૦નો હાલ માત્ર ૧.૪ ટકા જ અમલ થાય છે એમ કેન્દ્રનું પ્રદૂષણ બોર્ડ પોતે સ્વીકારે છે. આ સ્થિતિ ખરેખર શરમજનક છે.

હવે સવાલ એ થાય છે કે આ કચરાનું કરવું શું? જવાબ એ છે કે કચરાના પ્રકાર પ્રમાણે તેની પ્રોસેસિંગ કરીને તેમાંથી અનેક ઉપયોગી વસ્તુઓ બનાવી શકાય છે. ઓર્ગેનિક સીટી ગાર્બેજ એટલે કે વનસ્પતિજન્ય તેમજ જૈવિક કચરો, જેમાં સડેલા ફળો, બગડેલા શાકભાજી અને એગ્રીકલ્ચર વેસ્ટનો સમાવેશ થાય છે, તેમાંથી કિંમતી ખાતર બની શકે છે જેના કારણે મ્યુનિસિપલ કોર્પોરેશનને આવક થઈ શકે છે. ઘન કચરામાંથી વીજ ઉત્પાદન પણ થઈ શકે છે. પ્લાસ્ટિક અને તેના જેવો કચરો રીસાયકલ થઈ શકે છે. ઈલેક્ટ્રોનિક વેસ્ટ ખાસ કરીને બેટરી અને અજાણ્યા કેમિકલો હેઝાર્ડ વેસ્ટમાં આવે છે, જે અતિ જોખમી હેઝાર્ડસ મટિરિયલની કક્ષામાં આવે છે. આમ, ઉકરડા જેવી આ અણઉકેલ સમસ્યાના સમાધાન પણ છે. આ આફતને અવસરમાં પલટી નાખવાનો જાદુ હવે હાથવગો છે.બાયોટેકનોલોજીના વિકાસ બાદ હવે સીટી ગાર્બેજમાંથી કુદરતી ખાતરથી માંડી પાવર જનરેશન થઈ શકે છે. અમુક અણગમતા કચરાનું રિસાયક્લિંગ આર્થિક આવક ઉભી કરે છે. બાયોટેકનોલોજી દ્વારા આ સમસ્યા દૂર કરવાની અનેક રીતો છે. જૈવિક કચરાને એનારોબિક ડાયજેશન પ્રક્રિયા દ્વારા બાયોગેસમાં ફેરવી શકાય છે, જેમાંથી વીજળી અને ખાતર બંને મળે છે. કમ્પોસ્ટિંગ દ્વારા ઓર્ગેનિક કચરાને ખાતરમાં ફેરવી શકાય છે. બાયોરિમીડિએશન દ્વારા પ્રદૂષિત જમીન અને જળને સાફ કરી શકાય છે. એન્ઝાઇમ આધારિત પ્રક્રિયાઓ દ્વારા પ્લાસ્ટિક જેવા કચરાનું વિઘટન

આસપાસ યોપાસ
સુરેશ ભટ્ટ

થઈ શકે છે. આમ, બાયોટેકનોલોજી એ કચરાને સંપત્તિમાં ફેરવવાનું શક્તિશાળી સાધન છે.

જો આ સમસ્યાનો વહેલાસર યોગ્ય ઉપાય નહીં થાય તો વિશ્વમાં બીમારીના કિસ્સાની સંખ્યા માઝા મુકશે એમાં બેમત નથી. પ્લાનિંગ કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા ૧ જૂન ૨૦૧૪ના રોજ પ્રકાશિત કરેલા રિપોર્ટ ઓફ ટાસ્ક ફોર્સ ઓન વેસ્ટ ટુ એનર્જીમાં ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે અપાયેલા ઘન કચરાના આંકડા એટલા ચોંકાવનારા છે કે છેલ્લા ત્રણ વર્ષમાં એ ચિત્ર એનાથી પણ વધુ ભયાનક થઈ ગયાનો અંદાજ માંડી શકાય તેમ છે. આ અહેવાલ એ છે કે ભારતના ૪૯૩૫ શહેરોમાં રહેતા લગભગ ૩૦.૭૦ કરોડ લોકો રોજનો સરેરાશ ૧,૮૦,૦૦૦ ટન કચરો પેદા કરે છે. એટલે કે રોજ દેશની માત્ર ૩૧.૧૫ ટકા શહેરી વસ્તી વ્યક્તિદીઠ ૪૫૦ ગ્રામના હિસાબે દર વર્ષે ૬,૮૦,૦૦,૦૦૦ ટન કચરો પેદા કરે છે. આ કચરામાં બંગલાવાળાઓને આરોપાતો કચરો, રસ્તા પરથી કચરો વીણનારાઓ દ્વારા ઉઠાવી લેવાતો કચરો તથા ઈલેક્ટ્રોનિક્સ, મેડિકલ વેસ્ટ અને ઔદ્યોગિક કચરા દ્વારા ફેંકાતો કચરો તો ગણતરીમાં લેવાયો જ નથી. આટલા કચરાનો નિકાલ કરવા માટે લગભગ ૧૨૫૦ ચોરસ કિલોમીટર જમીન જોઈએ. શું સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું તંત્ર, જે પોતે ખાડે ગયેલું હોય એમને માટે આટલા વિશાળ જથ્થાના ઘન કચરાનો નિકાલ કરવો શક્ય છે ખરો? ચોંકાવનારી બાબત તો એ છે કે આ આંકડા શહેરી વિસ્તારના માત્ર ૩૧.૧૫ ટકા લોકોના જ છે. ગ્રામ્ય વિસ્તારમાં રહેતી અન્ય ૬૮.૮૫ ટકા પ્રજા જેટલો કચરો પેદા કરે છે એનો તો હિસાબ પ્લાનિંગ કમિશન પણ નથી લગાવી શક્યું! એનાથી પણ વધુ ચોંકાવનારી બાબત તો એ છે કે જે ઝડપે કચરાના ઉત્પાદનમાં વધારો થઈ રહ્યો છે એ જોતા ૨૦૩૧માં પ્રતિદિન અંદાજે ૪,૫૦,૧૩૦ ટનથી વધુ એટલે કે વર્ષે ૧૯.૫ કરોડ ટન કચરો પેદા થશે, જેના નિકાલ માટે અંદાજે ૬૫ હજાર હેક્ટર જમીન જોઈશે. શું આટલી જમીન ફાળવવી શક્ય છે? ૨૦૫૦માં પ્રતિદિન ૧૧,૯૫,૦૦૦ ટન કચરો એકઠો થવાની શક્યતા છે એમ આ અહેવાલ સત્તાવાર રીતે સ્વીકારે તો એ વાત પણ સ્વીકારે છે કે શહેરી વિસ્તારમાંથી માંડ ૬૮ ટકા કચરો એકઠો કરવાની વ્યવસ્થા થઈ છે. બાકીના ૩૨ ટકા કચરો તો ભગવાન ભરોસે છોડી દેવાય છે. આ ૬૮ ટકામાંથી પણ માત્ર ૨૮ ટકાનો જ નિકાલ થાય છે! આ તમામ પ્રકારના કચરામાં હજુ ઈલેક્ટ્રોનિક, મેડિકલ વેસ્ટ અને ઔદ્યોગિક ઝેરી ઘન કચરાનો તો ઉમેરો જ નથી કરાયો, જે સ્વાસ્થ્યની રીતે સૌથી વધુ જોખમી છે.

સત્તાવાર અહેવાલમાં વિવિધ રાજ્યો દ્વારા કચરો એકઠો કરવાની અને તેના વૈજ્ઞાનિક નિકાલની થતી પ્રક્રિયાના દર્શાવાયેલા આંકડાઓ પર એક નજર નાખવા જેવી છે. સહેલાણીઓનું ગમતું સ્થળ ગોવા પ્રતિદિન નિકાલ કરવા પોગ્ય માત્ર ૧૮૩ ટન ઘન કચરો પેદા કરે છે અને પર્યટકો ખરાબ છાપ લઈને પરત ન જાય એ માટે એમાંથી ૧૮૨ ટનનો એટલે કે ૯૩.૪૫ ટકા કચરાનો તે જ દિવસે વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરી દેવાય છે. જ્યારે ૮૧.૯૦ ટકા સાથે આંધ્રપ્રદેશ બીજા અને ૭૩.૫૩ ટકા સાથે ચંડીગઢ ત્રીજા ક્રમે છે. ગુજરાતમાં પ્રત્યેક દિવસ સરેરાશ ૮૩૩૬ ટન કચરો ઉત્પન્ન થાય છે. એમાંથી સરેરાશ ૭૩૭૮ ટન કચરો એકઠો થાય છે પણ માત્ર ૧૧૬ ટન કચરાનો જ પદ્ધતિસર નિકાલ થાય છે, એટલે કે માત્ર ૧.૩૯ ટકા! આ આંકડો ગુજરાત જેવા વિકસિત રાજ્ય માટે ખરેખર ચિંતાજનક છે.

આ સમસ્યાનો ઉકેલ ફક્ત સરકાર પર નાખી દેવાથી નહીં થાય. આપણા શહેરોને નીટ એન્ડ ક્લીન કરવા માટે હવે પાયાના સ્તરથી સામૂહિક રીતે કામ કરવું પડશે. વ્યક્તિગત સ્વચ્છતા સૌ જાળવે અને



આભાર - નિહારીકા રવિયા ઘરઘરમાં જાગૃતિ આવે તો ભાવનગર-રાજકોટ જેવા શહેરો સ્વચ્છ અને સુંદર અવશ્ય બની શકે છે. પ્રજાની જવાબદારી છે કે ઓછામાં ઓછો કચરો પેદા કરે અને પ્રવાહી, પ્લાસ્ટિક, ખાદ્ય જેવા વિવિધ પ્રકારમાં જુદો કરીને જ સ્થાનિક તંત્રને પહોંચાડે, જે સભાનભર્યું છે. સ્વચ્છતા એ ફક્ત સરકારી કામ નથી, એ આપણી સામૂહિક જવાબદારી છે. જો આપણે સૌ મળીને કચરાને સંપત્તિમાં ફેરવવાની કલા શીખીએ તો ઉકરડા ખરેખર આર્થિક સધ્ધરતાના સોપાન બની શકે છે. બાયોટેકનોલોજી, રિસાયક્લિંગ અને યોગ્ય વ્યવસ્થાપન દ્વારા આપણે આ સમસ્યાને સંપૂર્ણપણે દૂર કરી શકીએ છીએ. જરૂર છે ફક્ત ઈચ્છાશક્તિ અને જાગૃતિની. આપણે જો આજે જ પગલાં નહીં લઈએ તો આવતી પેઢી માટે આ સમસ્યા વધુ ગંભીર બનશે એમાં કોઈ શંકા નથી. પરંતુ જો આપણે સમય રહેતા સુધી સાચી દિશામાં પ્રયત્નો કરીએ તો ઉકરડા પણ આપણને આર્થિક રીતે સધ્ધર બનાવી શકે છે.

ભાવનગરથી દુબઈ સુધી ફેલાયેલા સાયબર ફ્રોડના નેટવર્કનો પર્દાફાશ, બેંક ખાતા ભાડે આપનાર કુખ્યાત શખ્સનો જેલમાંથી કબ્જો મેળવાયો

ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસે આરોપીને ચીફ કોર્ટ સમક્ષ રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા

ભાવનગર,તા.૩૦

ભાવનગર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશને "મ્યુલ હન્ટ ૨." અભિયાન અંતર્ગત સાયબર ફ્રોડ આચરનાર એક કુખ્યાત આરોપીને સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદથી ટ્રાન્સફર વોરંટ આધારે ઝડપી પાડી કાયદેસરની



કાર્યવાહી હાથ ધરી છે. આરોપી લોકોના બેંક ખાતા કીટ સહિત ભાડેથી મેળવીને દુબઈથી સાયબર ફ્રોડના નાણાંની હેરાફેરી કરતો હોવાનું સામે આવ્યું છે.

ભાવનગર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાના આધારે શહેરના અલગ-અલગ લોકો પાસેથી બેંક ખાતાની કીટ (પાસબુક, ચેકબુક, એટીએમ કાર્ડ અને ઓનલાઈન ટ્રાન્ઝેકશન માટે લીક કરેલ સીમ કાર્ડ) ભાડેથી મેળવી, દુબઈ ખાતે બેસીને સાયબર ફ્રોડના નાણાંનું ટ્રાન્ઝેકશન કરી કમિશન મેળવનાર મુખ્ય આરોપી દિવ્યરાજસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (ઉ.વ.૩૧, ધંધો: પ્રાઇવેટ નોકરી, રહે. પ્લોટ નં. ૧૦, ચામુંડા સોસાયટી, પ્રેસ ક્વાર્ટર, ચિત્રા, ભાવનગર)ને સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી કબજે કરવામાં આવ્યો છે. પકડાયેલા આ આરોપી વિરુદ્ધ અગાઉ સી.આઈ.ડી. સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન, ગાંધીનગર ખાતે પણ સાયબર ફ્રોડના ગુનામાં સંડોવાયેલા હોઈ, તે છેલ્લા ૧૧ માસથી સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે બંધ હતો. ભાવનગરના ગુનામાં તેની સંડોવણી બહાર આવતા પોલીસે તેનો કબ્જો મેળવ્યો છે.

ભાવનગર સાયબર ક્રાઇમ પોલીસે આરોપીને ચીફ કોર્ટ સમક્ષ રજૂ કરી બે દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા છે. આ સાયબર ફ્રોડના નેટવર્કમાં તેની સાથે અન્ય કોણ-કોણ સંડોવાયેલ છે તે અંગે હાલ ઊંડાણપૂર્વક તપાસ શરૂ છે.

ગીર સોમનાથની બે સગીરાનું મહેસાણામાં ધર્માન્તરણ

ઉનાવાની દાતારબાપુ દરગાહમાં ૩ દિવસ રાખી, નામ બદલાવી બુરખો પહેરાવી કલમાં પઢાવ્યાં મૌલવી સહિત ૪ની ધરપકડ

ઉના,તા.૩૦

ગીર સોમનાથ જિલ્લાના કોડીનારની બે સગીરાઓને મહેસાણાના ઉનાવા ગામે લઈ જઈ ધર્મપરિવર્તન કરાવવા અને એક સગીરાના લગ્ન ૧૬ વર્ષના કિશોર સાથે કરાવવાના પ્રયાસના આક્ષેપ સાથેનો મામલો સામે આવ્યો છે. આ કેસમાં કોડીનાર પોલીસે મહેસાણાના ઉનાવાની પ્રસિદ્ધ દાતારબાપુ દરગાહના મૌલવી સહિત ચાર આરોપીઓ સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી છે. પોલીસે ગુમ થયેલી બંને સગીરાઓને ઉનાવા સ્થિત દરગાહમાંથી બુરખો પહેરેલી સ્થિતિમાં શોધી કાઢી હતી અને મહિલા પોલીસ દ્વારા કાઉન્સીલિંગ કરી બંનેને સહી સલામત પરત કોડીનાર લાવવામાં આવી હતી.

કોડીનારમાં બે સગીરાઓ ગુમ થવા અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ત્યારબાદ પોલીસે આસપાસના વિસ્તારોનાં CCTV ફૂટેજ તપાસ્યાં હતાં. તપાસ દરમિયાન બંને સગીરાઓનું લોકેશન મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાના ઉનાવા ગામ તરફ મળતાં કોડીનાર પોલીસની ટીમ ત્યાં પહોંચી હતી. સ્થાનિક પોલીસની મદદથી દાતારબાપુ દરગાહમાંથી બંને સગીરાઓને શોધી કાઢવામાં આવી હતી. બંને સગીરાઓ બુરખો પહેરેલી હાલતમાં મળી આવતાં પોલીસે તેમનો કબજો મેળવી કોડીનાર પરત લાવી હતી.

કોડીનાર પરત લાવ્યા બાદ મહિલા પોલીસ દ્વારા બંને સગીરાઓની કાઉન્સેલિંગ સાથે પૂછપરછ કરવામાં આવી હતી. આ દરમિયાન સગીરાઓએ આપેલી વિગતોના આધારે તેમને કોડીનારથી મહેસાણાના ઉનાવા સુધી લઈ જવા, બુરખો પહેરાવવા અને નામ બદલવા સહિતના આક્ષેપો સામે આવ્યા હતા. પોલીસની તપાસમાં આ સમગ્ર ઘટનામાં અન્ય વ્યક્તિઓની સંડોવણી હોવાની વિગતો પણ બહાર આવી હોવાનું જાણવા મળે છે.આ ઘટનાને લગતો આશરે છ મિનિટનો એક વીડિયો પણ સામે આવ્યો છે. તેમાં ધોરણ-૮માં અભ્યાસ કરતી એક સગીરાએ RSSના આગેવાન જીગ્નેશભાઈ પરમાર સમક્ષ સમગ્ર ઘટનાની વિગતો જણાવી છે. સગીરાના જણાવ્યા અનુસાર, તેની બહેનપણીનું હિન્દુ નામ બદલીને 'કાજી નાયરા' રાખવામાં આવ્યું હતું. બંનેને ઉનાવા ગામની દાતારબાપુ દરગાહમાં ત્રણ દિવસ સુધી રાખવામાં આવી હતી.વીડિયોમાં સગીરાએ જણાવ્યું હતું કે, શરૂઆતમાં બંને સગીરા તેમાંથી એકના કહેવાતા મામા અબ્દુલ મિયાંના ઘરે ગઈ હતી. ત્યાં તેને બુરખો પહેરવાનું કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ તેને ગામમાં ફેરવવામાં આવી હતી અને વેરાવળ જવાનું કહેવામાં આવ્યું હતું. વેરાવળ પહોંચ્યા બાદ ગાંધીનગર જવાનું જણાવવામાં આવ્યું હતું.

સગીરાના જણાવ્યા મુજબ, બંને વેરાવળથી ટ્રેનના જનરલ ડબ્બામાં ટિકિટ વગર મુસાફરી કરીને ગાંધીનગર પહોંચ્યાં હતાં. ત્યાં તેની માતાને ફોન કરવામાં આવ્યો હતો. માતાએ એક દુકાનદારને ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કર્યા બાદ દુકાનદારે રોકડા રૂ.૧,૦૦૦ આપ્યા હતા.

અદભુત એર શો માણવા મંત્રી નિમુબેન દ્વારા જાહેર આમંત્રણ

૧ નવેમ્બરે સવારે ૯:૦૦ વાગ્યે બોરતળાવ ખાતે આકાશમાં ભારતીય વાયુસેનાના અદમ્ય પરાક્રમના મનમોહક દ્રશ્યો સર્જાશે

ભાવનગર,તા.૩૦

ભાવનગરના આંગણે આકાશમાં ભારતીય વાયુસેનાના શૌર્ય, સાહસ, શિસ્ત અને અદમ્ય પરાક્રમનું ભવ્ય પ્રદર્શન નિહાળવાની એક અનોખી અને ઐતિહાસિક તક સાંપડી છે. વિશ્વવિખ્યાત 'સૂર્યકિરણ એરોબેટિક ટીમ' દ્વારા આગામી રવિવારે ભાવનગરના જાણીતા પ્રવાસન સ્થળ બોરતળાવ ખાતે એક રોમાંચક હવાઈ પ્રદર્શન (એર શો)નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના કેન્દ્રીય રાજ્યમંત્રી અને ભાવનગરના સાંસદ નિમુબેન બાંભણિયા દ્વારા આ રાષ્ટ્રગૌરવની ક્ષણના સાક્ષી બનવા માટે ભાવનગરના



નાગરિકો અને સંગીત તથા સાહસપ્રેમી જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ ભવ્ય એર શો આગામી ૧ નવેમ્બર, ૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે બોરતળાવ, ભાવનગર ખાતે યોજાશે.

ભારતીય વાયુસેનાની સુવિખ્યાત સૂર્યકિરણ એરોબેટિક ટીમ આકાશમાં પોતાના લડાયક વિમાનો દ્વારા રોમાંચક કરતબો રજૂ કરી ભાવનગરના આકાશને દેશભક્તિ અને શૌર્યના રંગે રંગી દેશે. વાયુસેનાની આ અદભુત ક્ષમતા અને દેશભક્તિના પ્રતીકસમા કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ ગૌરવશાળી ક્ષણોને વધાવવા ભાવનગરવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જેસર ખાતે રૂ. ૭૬૦.૦૨ લાખના ખર્ચે નિર્માણ થશે આધુનિક એસ.ટી. બસ સ્ટેશન

જિલ્લા પ્રભારી મંત્રી તથા રાજ્યના ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરાયું ખાતમુહૂર્ત; સાંસદ અને જિલ્લા પંચાયત પ્રમુખ રહ્યા ઉપસ્થિત

ભાવનગર,તા.૩૦

ભાવનગર જિલ્લાના જેસર ખાતે નાગરિકોને ઉત્તમ અને સુગમ પરિવહન સેવાઓ મળી રહે તે હેતુસર રાજ્ય સરકારના સહયોગથી રૂ. ૭૬૦.૦૨ લાખના માતબર ખર્ચે નિર્માણ પામનાર આધુનિક એસ.ટી. બસ સ્ટેશનના ખાતમુહૂર્તનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા પ્રભારી મંત્રી અને રાજ્યના ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે આ બસ સ્ટેશનના બાંધકામનું શાસ્ત્રોક્ત વિધિ સાથે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનીક સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ અશોકભાઈ લાધવા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા જેસર ખાતે આધુનિક બસ સ્ટેશનના નિર્માણ માટે રૂ. ૭૬૦.૦૨ લાખની રકમ મંજૂર કરવામાં આવી છે. આ નવનિર્મિત સુવિધાથી જેસર તેમજ આસપાસના વિસ્તારોમાંથી અવરજવર કરતા નાગરિકો અને મુસાફરોને વધુ સુગમ તથા સરળ પરિવહન સેવાઓ પ્રાપ્ત થશે. આ બસ સ્ટેશનનું નિર્માણકાર્ય નિર્ધારિત સમયમર્યાદામાં ઝડપથી પૂર્ણ થાય અને જનતાને આધુનિક સુવિધાઓનો વહેલી તકે લાભ મળે તે દિશામાં વહીવટી તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા આકાર પામનારા આ પ્રોજેક્ટ માટે ૫,૦૦૦ ચોરસ મીટર વિશાળ જમીન ફાળવવામાં આવી છે. જે અંતર્ગત ૬૩૫.૦૩ ચોરસ મીટર વિસ્તારમાં મજબૂત આર.સી.સી.



ફ્રેમ સ્ટ્રક્ચર ધરાવતું ભવ્ય મકાન તૈયાર કરવામાં આવશે. નવા બનનાર આ બસ સ્ટેશનમાં મુસાફરોની સુવિધા માટે પાંચ જેટલા પ્લેટફોર્મ, વિશાળ વેઇટિંગ હોલ, કંટ્રોલ રૂમ, પાસ અને રિઝર્વેશન રૂમની સુવિધા ઊભી કરાશે. આ ઉપરાંત કેન્ટીન, ડ્રાઇવર-કંડક્ટર માટે વિશેષ રૂમ, ટિકિટિંગ વ્યવસ્થા, પાર્સલ રૂમ તથા ઈલેક્ટ્રિક રૂમ જેવી તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ વ્યવસ્થાઓથી બસનું સંચાલન અને મુસાફરોની અવરજવર અત્યંત સરળ બનશે.

આ મહત્વપૂર્ણ ખાતમુહૂર્ત પ્રસંગે પૂર્વ ધારાસભ્ય કેશુભાઈ નાકરાણી, ભાવનગર એસ.ટી. વિભાગના વિભાગીય નિયામક, અગ્રણી દિગ્વિજયસિંહ ગોહિલ, જેસરના સરપંચ તેમજ જિલ્લા તથા તાલુકા કક્ષાના પદાધિકારીઓ, અધિકારીઓ, એસ.ટી. વિભાગના કર્મચારીઓ અને મોટી સંખ્યામાં સ્થાનીક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યોના પરિવારના નિભાવખર્ચ માટે રાજ્યની આવકને ધ્યાનમાં રાખીને નક્કી કરાયેલા સાલિયાણા અને સરદારની દૂરંદેશી...

૫૬૨ દેશી રજવાડાંઓને ભારતીય સંઘ સાથે જોડવા માટે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે દિવસ-રાત જોયા વગર અથાગ પરિશ્રમ કર્યો હતો. જે રાજ્યો ભારત સંઘ સાથે જોડાણ કરે, તે રાજ્યોના રાજવી પરિવારના નિભાવખર્ચ માટે સરદારે સાલિયાણાની યોજના બનાવી હતી, જેમાં સંબંધિત રાજ્યની આવકને ધ્યાનમાં રાખીને સાલિયાણા નક્કી કરવામાં આવતા હતા.



ઉદાહરણ તરીકે, મૈસુર રાજ્ય કોઈપણ શરત વગર ભારત સંઘમાં જોડાયું હતું અને જોડાણ વખતે જ સાલિયાણાની રકમ રાજા સાથે ચર્ચા કરીને નક્કી થઈ હતી. જોકે, મૈસુરના જોડાણ વખતે સરદાર પથારીવશ (બીમાર) હતા. સરદારને જ્યારે મૈસુરના જોડાણપત્ર પર હસ્તાક્ષર થયાના સમાચાર મેનને આપ્યા, ત્યારે સરદારે પૂછ્યું કે મહારાજાના સાલિયાણાનું શું થયું? જવાબમાં મેનને જણાવ્યું કે હજી સુધી તે નક્કી નથી કર્યું, આપ સાજા થઈ જાઓ પછી ચર્ચા કરી લઈશું. આ સાંભળીને સરદારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, "આવું બિલકુલ ન ચાલે. રાજવીઓ પોતાના રાજપાટ છોડી રહ્યા છે, તો એમને એમના ત્યાગનો બદલો મળવો જ જોઈએ. આપણે સ્વાર્થી બનીએ એ ન ચાલે. તમે મૈસુર જાઓ અને મહારાજાની ઇચ્છા મુજબનું સાલિયાણું નક્કી કરી આપો."

કોંગ્રેસના કેટલાક નેતાઓની સાલિયાણા ન આપવાની બદદાનતને સરદાર પહેલાથી જ પામી ગયા હતા, તેથી તેમણે સાલિયાણાને બંધારણમાં સામેલ કરાવી દીધું, જેથી પાછળથી કોઈ વચનભંગ ન કરી શકે અને અખંડ ભારતના નિર્માણયજ્ઞમાં પોતાના રાજ્યની આહુતિ આપનાર કોઈ રાજાને ભવિષ્યમાં અન્યાય ન થાય. કેટલાક મોટા નેતાઓ રાજાઓને સાલિયાણા આપવાની વિરુદ્ધમાં હતા, ત્યારે સરદારે એકલપંડે લડાઈ લડીને બધાને સમજાવ્યા હતા. કોંગ્રેસ કારોબારીમાં તેમણે ટકોર કરી હતી કે, "આપણે એ યાદ રાખવું જોઈએ કે, આ બધા રાજાઓએ જો સ્વાતંત્ર્ય જાહેર કરવાના કે પાકિસ્તાન સાથે જોડાઈ જવાના પોતાના અધિકારનો ઉપયોગ કર્યો હોત, તો દેશની શું હાલત થાત?"

રાજાઓનું સમાજમાં સદીઓથી સન્માનનીય સ્થાન રહ્યું છે. એમની જગ્યાએ આપણી જાતને મૂકીને વિચારીએ તો જ એમને આપેલા ભોગનું સાચું મૂલ્ય સમજાશે. તેમણે ભારત સંઘ સાથે જોડાવાની ફરજ બજાવી છે, અને હવે આપણે આપણું કર્તવ્ય બજાવવાનું છે. સરદારની આ ધારદાર રજૂઆત સામે કોઈનો વિરોધ ટકી શક્યો નહીં અને અંતે રાજાઓ માટેના સાલિયાણા નક્કી થયા. (જો કે, સરદારના અવસાન બાદ વર્ષ ૧૯૭૧માં ઈન્દિરા ગાંધીની સરકારે સાલિયાણા રદ કરતો ઠરાવ પસાર કરીને સરદારે રાજાઓને આપેલા વચનોનો ભંગ કર્યો હતો).

જ્યારે કોઈ આપણા માટે કઈ કરે, ત્યારે એમના માટે આપણે પણ કંઈક કરવું જોઈએ એ આપણી નૈતિક ફરજ છે. બીજાની પાસેથી ભેટ લેવાની મજા આવતી હોય, તો બીજાને ભેટ આપીને એને પણ ખુશીની અનુભૂતિ કરાવવી જ જોઈએ. આ પ્રકારના ઋણસ્વીકાર દ્વારા આપણે સામેવાળી વ્યક્તિને સારા કાર્યો કરવા માટે પરોક્ષ રીતે પ્રેરણા પણ પૂરી પાડતા હોઈએ છીએ.

સંકલન : ભરત મોણપરા, પ્રમુખ, સરદાર યુવા મંડળ, ભાવનગર

"જિયો" માટે ધીરુભાઈએ જોયેલાં સ્વપ્નને અંબાણી પરિવારે અકલ્પનિય પ્રગતિ સાથે સાકાર કર્યું : પરિમલ નથવાણી

ધીરુભાઈના વતન ચોરવાડમાં ૨૫ હજારથી વધુ ગ્રામજનોના સમૂહ ભોજન અને લોકડાયરા સાથે જિયો પ્લેટફોર્મ્સના પબ્લિક ઈશ્યુના ધમાકેદાર લિસ્ટિંગની ભવ્ય ઉજવણી









ચોરવાડ,

૨૦૨૬: જિયો પ્લેટફોર્મ્સના પબ્લિક ઈશ્યુની ૨૧ ટકા કરતાં વધારે પ્રિમિયમ સાથે ધમાકેદાર અને ઐતિહાસિક લિસ્ટિંગની ધીરુભાઈ અંબાણીના વતન ચોરવાડમાં દ્વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી થઈ હતી.ચોરવાડમાં ૨૫૦૦૦ કરતાં વધારે ગ્રામજનોના સમૂહ ભોજન અને ત્યારબાદ ગુજરાતના ખ્યાતનામ લોકસાહિત્યકારોનો ભવ્ય લોકડાયરો યોજાયો હતો. આ તકે, અંબાણી પરિવારના સભ્ય તરીકે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેટ અફેર્સના ડાયરેકટર અને રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

બેવડા કાર્યક્રમોની ઉજવણી વચ્ચે ચોરવાડવાસીઓ, અંબાણી પરિવારના જ સભ્ય હોવાની અનુભુતિ કરાવતાં શ્રી નથવાણીએ સંસ્મણો વાગોળતાં ધીરુભાઈ અને કોકિલાબેન સાથે વર્ષ-૧૯૯૫માં ચોરવાડ અને કુકસવાડાની ત્રિ-દિવસીય મુલાકાત અંગે વાત કરી હતી અને તે સમયના સાથી, સાક્ષીઓને પણ મંચ પરથી ખાસ યાદ કર્યા હતા.

આ તકે અત્યંત ભાવુક અને ભીના સ્વરે તેમણે જણાવ્યું કે,ધીરુભાઈના ડ્રીમ પ્રોજેક્ટ સમી રિલાયન્સ ઈન્ડ્રસ્ટીઝે જે રીતે વૈશ્વિક હરણફાળ પ્રગતિ કરી છે, તે જ રીતે તેમના વધુ એક સ્વપ્ન જિયો પ્લેટફોર્મ્સે પણ વૈશ્વિક સ્તરે નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.અંબાણી પરિવારના મોભી મુકેશભાઈ અને તેમના સંતાનો આકાશ, ઈશા અને અનંતે જે રીતે ધીરુભાઈના સ્વપ્નને અકલ્પનિય પ્રગતિ સાથે સાકાર કરી બતાવ્યું છે તે ન માત્ર અંબાણી પરિવાર પરંતુ, દેશ માટે પણ ગૌરવપૂર્ણ વાત છે. ભુતકાળમાં સરી પડતાં તેમણે એ ક્ષણને પણ ખાસ યાદ કરી હતી કે, જે સમયે રિલાયન્સના આઈપીઓ વખતે રોકાણકારોએ ધીરુભાઈ પર વિશ્વાસ મુક્યો હતો એ જ વિશ્વાસ આજે પણ આ પરિવાર પર અકંબધ છે તે જિયોના ધમાકેદાર અને ઐતિહાસિક લિસ્ટિંગ પરથી જણાઈ આવે છે. તેમણે ભૂતકાળ વાગોળતા ઉમેર્યું કે, ધીરુભાઈ જ્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો આઈપીઓ લાવ્યા ત્યારે તેમણે ચોરવાડવાસીઓને શેર આપવાથી લઈ તેમની તમામ નાની-મોટી ખુશીઓમાં સહભાગી બનાવ્યા હતા. આજે તેમના જ સ્વપ્ન એવા જિયો પ્લેટફોર્મ્સની ઐતિહાસિક સફળતામાં પણ અંબાણી પરિવાર ધીરુભાઈના વતનને ભુલ્યું નથી, તેમની બીજી અને ત્રીજી પેઢીએ સયુંક્ત રીતે આ વારસો જાળવ્યો છે. આ ઉપરાંત તેમણે વર્ષ-૨૦૧૭થી કાર્યરત ધીરુભાઈ અંબાણી મેડિકલ અને કમ્પ્યુટર સેન્ટર, શ્રી એચ.જી.અંબાણી ગર્લ્સ હાઈસ્કૂલ તથા કુકસવાડામાં નવનિર્મિત એચ.જી.અંબાણી હાયર સેકન્ડરી સ્કૂલ સહિત ગ્રામજનોને અંબાણી પરિવાર તરફથી અપાયેલી સુવિધાઓને પણ યાદ કરાવી હતી.

અંતમાં રિલાયન્સ પરિવાર દ્વારા ચોરવાડમાં આયોજિત આ બેવડી ઉજવણીમાં અંબાણી પરિવારના સભ્ય તરીકે ઉપસ્થિત રહેવાની તક આપવા બદલ નથવાણીએ અંબાણી પરિવારનો ફરી આભાર વ્યક્ત કર્યો હતો. આ વૈશ્વિક હરણફાળમાં સહયોગ આપનાર દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પણ રિલાયન્સ અને અંબાણી પરિવાર વતી વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં ચોરવાડના ૨૫,૦૦૦થી વધુ ગ્રામજનોએ પ્રીતિભોજનનો સ્વાદ માણ્યો હતો. બાદમાં યોજાયેલાં લોકડાયરામાં લોકસાહિત્યકાર રાજભા ગઢવી અને ઉષાબેન રાદડિયાએ પોતાની આગવી શૈલી થકી ઉપસ્થિત હજારો શ્રોતાઓને રીતસર નાચવા મજબૂર કરી દિધા હતા. તો, હાસ્ય કલાકાર હિતેશ અંટાળાએ પોતાની તળપદી ભાષામાં હાસ્ય અને રમુજ રજૂ કરી ઉપસ્થિત સૌને પેટ પકડીને હસાવ્યા હતા. આ પ્રસંગે સાંસદ રાજેશ ચુડાસમા તથા ધારાસભ્ય વિમલ ચુડાસમા પણ ઉપસ્થિત રહ્યા હતા.

ભાવનગરના ૨,૧૦,૪૨૭ ખેડૂતોના ખાતામાં રૂ. ૪૨.૦૮૫૪ કરોડની સહાય જમા



જિલ્લા પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષસ્થાને ભાવનગરમાં યોજાયો પી.એમ. કિસાન ઉત્સવ : પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનું સન્માન કરાયું: કૃષિ યોજનાઓ અંગે ખેડૂતોને માર્ગદર્શન અપાયું

ભાવનગર,તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં આજે ભાવનગરના મોતીબાગ સ્થિત ઓપન એર થિયેટર ખાતે જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યના ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષસ્થાને પી.એમ. કિસાન ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ બનાસકાંઠાના ડીસા-ભીલડી ખાતે યોજાયેલા મુખ્ય કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

આ પ્રસંગે મેયર ઉષાબેન તલરેજાએ જણાવ્યું હતું કે, ભારત કૃષિપ્રધાન દેશ છે અને ખેડૂતો દેશની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અમલી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. આ યોજના હેઠળ ખેડૂતોના બેંક ખાતામાં સીધી જમા થતી આર્થિક સહાય ખેતીના ખર્ચમાં મદદરૂપ થવાની સાથે તેમને આર્થિક સુરક્ષા પણ પૂરી પાડે છે. આ સહાય સરકારની અન્નદાતાઓ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

કાર્યક્રમ દરમિયાન મદદનીશ ખેતી નિયામક મહમદ રિઝવાને ડુંગળી, ચણા સહિતના પાકોના વાવેતર અંગે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું.

શોર્ટ ફિલ્મના માધ્યમથી ખેડૂતોને કૃષિ ક્ષેત્રની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત મહાનુભાવોના હસ્તે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના ૨૪મા હપ્તા અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) મારફતે દેશના ૯.૩૪ કરોડથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧૮,૬૮૦ કરોડથી વધુ અને ગુજરાતના ૫૨.૩૩ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧,૦૫૧ કરોડથી વધુની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત ભાવનગર જિલ્લાના ૨,૧૦,૪૨૭ ખેડૂતોના બેંક ખાતામાં કુલ રૂ. ૪૨.૦૮૫૪ કરોડની સહાય જમા કરવામાં આવી છે.

ભાવનગર તાલુકાના ૨૦,૩૪૮ ખેડૂતોના ખાતામાં રૂ. ૪.૦૬૯૬ કરોડ, ગારિયાધાર તાલુકાના ૧૬,૩૫૩ ખેડૂતોના ખાતામાં રૂ. ૩.૨૭૦૬ કરોડ, ઘોઘા તાલુકાના ૧૩,૫૨૨ ખેડૂતોના ખાતામાં રૂ. ૨.૭૦૪૪ કરોડ, જેસર તાલુકાના ૧૧,૮૨૦ ખેડૂતોના ખાતામાં રૂ. ૨.૩૬૪ કરોડ, મહુવા તાલુકાના ૩૯,૩૧૮ ખેડૂતોના ખાતામાં રૂ. ૭.૮૬૩૬ કરોડ, પાલીતાણા તાલુકાના ૨૦,૭૫૭ ખેડૂતોના ખાતામાં રૂ. ૪.૧૫૧૪ કરોડ, શિહોર તાલુકાના ૧૯,૩૯૧ ખેડૂતોના ખાતામાં રૂ. ૩.૮૭૮૨ કરોડ, તળાજા તાલુકાના ૩૮,૭૮૨ ખેડૂતોના ખાતામાં રૂ. ૭.૭૫૬૪ કરોડ, ઉમરાળા તાલુકાના ૧૨,૩૦૮ ખેડૂતોના ખાતામાં રૂ. ૨.૪૬૧૬ કરોડ અને વલ્લભીપુર તાલુકાના ૧૭,૮૨૮ ખેડૂતોના ખાતામાં રૂ. ૩.૫૬૫૬ કરોડની સહાય જમા થઈ છે.

આ પ્રસંગે ધારાસભ્ય સેજલબેન પંડ્યા, ડેપ્યુટી મેયર અશોકભાઈ બારૈયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિશનભાઈ મહેતા, પ્રભારી સચિવ આલોકકુમાર પાંડે, ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર હનુલ ચૌધરી, નિવાસી અધિક કલેક્ટર એન.ડી. ગોવાણી, ઈન્ચાર્જ જિલ્લા ખેતીવાડી અધિકારી ડી.પી. જાદવ, મદદનીશ ખેતી નિયામક સી.કે.સાખટ, નાયબ બાગાયત નિયામક એમ.બી. વાઘમશી, નાયબ ખેતી નિયામક એસ.બી.વાઘમશી, આત્મા પ્રોજેક્ટ ડિરેક્ટર જે.એન. પરમાર, ભાજપ પ્રમુખ કુમારભાઈ શાહ અને દિગ્વિજયસિંહ ગોહિલ સહિત અધિકારીઓ, પદાધિકારીઓ તથા મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

મ્યુ. વોટર વર્ક્સ વિભાગની બલિહારી ; અડધું કામ કર્યું છતાં એજન્સીને પૂરું બિલ ચૂકવી દીધું !

વરસાદી વોટર રીચાર્જિંગના કામમાં ગેરરીતિ અને કરારભંગ બદલ આખરે કમિશનરની લાલ આંખ, એજન્સી બ્લેક લિસ્ટ કરાઈ

ભાવનગર,તા.૩૦

ભાવનગર મહાપાલિકા દ્વારા શહેરમાં વિકાસ અને માળખાકીય કામગીરીમાં અનિયમિતતા તથા ગેરરીતિ આચરતી કામદાર એજન્સીઓ સામે આખરે કડક વલણ અપનાવવામાં આવ્યું છે. મનપા હસ્તકની વિવિધ ઈમારતોમાં વરસાદી પાણીના રીચાર્જિંગ સ્ટ્રક્ચર્સ બનાવવા માટેનું ટેન્ડર વર્ક એજન્સી સંદીપ એન. પટેલ-ભાવનગરને ફાળવવામાં આવ્યું હતું. જોકે, ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળાં સમાન કાર્યવાહી ચર્ચાસ્પદ બની છે.!

પ્રાપ્ત વિગતો મુજબ આ એજન્સી દ્વારા કામગીરીમાં ભારે બેદરકારી અને ગેરરીતિ આચરવામાં આવી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. ખાસ કરીને કુંભારવાડા અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે રીચાર્જિંગ સ્ટ્રક્ચરનું નિયત કામ પૂર્ણ કરવામાં આવ્યું ન હોવા છતાં, પ્રત્યક્ષ રીતે કામ પૂરું થઈ ગયું હોવાનું ખોટું ચિત્ર ઊભું કરીને એજન્સી દ્વારા બિલ રજૂ કરી દેવાયું હતું અને નાણાંનું ચૂકવણું પણ મેળવી લેવામાં આવ્યું હતું. આ ઉપરાંત, તપાસ દરમિયાન અન્ય સ્થળોએ પણ એજન્સીની કામગીરીમાં ગંભીર ક્ષતિઓ અને લોલંલોલ જોવા મળી હતી. આ સમગ્ર મામલાને ગંભીરતાથી લઈને ભાવનગર મનપા દ્વારા સખત આકરાં પગલાં લેવામાં આવ્યા છે. એજન્સી દ્વારા કાગળ પર દર્શાવિલા પરંતુ વાસ્તવિક રીતે અધૂરા રહેલાં તમામ કામો તાત્કાલિક ધોરણે સ્થળ પર પૂર્ણ કરવા અને તેની ખરેખર થતી નાણાકીય રકમ મહાનગરપાલિકામાં પરત જમા કરાવી દેવા માટે સ્પષ્ટ આદેશ કરવામાં આવ્યો છે.

કામગીરી તથા બિલિંગ પ્રક્રિયામાં ગંભીર બેદરકારી દાખવવા, ગેરરીતિ આચરવા અને કરારની શરતોનો સ્પષ્ટ ભંગ કરવા બદલ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર દ્વારા તા. ૨૭-૧૦-૨૦૨૬ ના હુકમ અન્વયે આ વર્ક એજન્સી શ્રી "સંદીપ એન. પટેલ" ને આગામી ત્રણ વર્ષ માટે ભાવનગર મહાનગરપાલિકામાંથી કાળી યાદી (બ્લેકલિસ્ટ) માં મૂકી દેવામાં આવી છે.

માળનાથ નજીક પ્લમ્બર યુવકની હત્યાનો ભેદ ઉકેલાયો:મોટા ખોખરાના બે શખ્સો ઝડપાયા

ભાવનગર,તા.૩૦

ભાવનગર નજીક આવેલા ઉખરલા ગામથી માળનાથ જવાના માર્ગ પરથી થોડા દિવસ પૂર્વે ખડસલીયા ગામના પ્લમ્બર યુવકનો નગ્ન અને લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ ચકચારી હત્યા કેસમાં વરતેજ પોલીસે સઘન તપાસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ઘોઘા તાલુકાના મોટા ખોખરા ગામના બે શખસો—મહેન્દ્ર ઉર્ફે મંદાભાઈ ગોરધનભાઈ જાંબુચા અને દિનેશ ઉર્ફે દીનો વિક્કલભાઈ વાઘેલાની ધરપકડ કરી લીધી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પ્લમ્બિંગનો વ્યવસાય કરતા મુનાભાઈ હિંમતભાઈ ડાભી ગત ૨૪મી ઓક્ટોબરે કામ પર ગયા બાદ ઘરે પરત ફર્યા નહોતા અને તેમનો ફોન પણ સ્વિચ ઓફ આવતો હતો. પરિવારજનોને અકસ્માતની માહિતી મળતાં તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા, જ્યાં મૃતકના શરીર અને માથા પર ગંભીર ઈજાઓ જોઈને હત્યાની શંકા ગઈ હતી. આ અંગે મૃતકના ભાઈ દિપકભાઈ ડાભીની ફરિયાદના આધારે વરતેજ પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

પોલીસ પૂછપરછ દરમિયાન મુખ્ય આરોપી મહેન્દ્ર ઉર્ફે મંદાએ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે



તેણે મુનાભાઈ પાસેથી રૂ. ૭૫,૦૦૦ ઉછીના લીધા હતા અને અન્ય એક વ્યક્તિને આપ્યા હતા. તે વ્યક્તિનું મૃત્યુ થતાં મુનાભાઈ પોતાના નાણાં પરત મેળવવા માટે મહેન્દ્ર પાસે અવારનવાર ઉઘરાણી કરતા હતા. આ નાણાકીય તકરારથી કંટાળીને આરોપીએ નાણાં ચૂકવવાનું બહાનું બનાવી મુનાભાઈને બોલાવ્યા હતા. જ્યાં બોલાચાલી ઉગ્ર બનતા મહેન્દ્રએ ઉશ્કેરાઈને મુનાભાઈના માથામાં લાકડાના ધોકાના ઘા ઝીકી દીધા હતા, જેના કારણે તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

હત્યાને અકસ્માતમાં ખપાવવા માટે આરોપી મહેન્દ્રએ દિનેશ ઉર્ફે દીનાની મદદથી મૃતદેહને ઝાડી-ઝાંકરામાં ફેંકી દીધો હતો. વરતેજ પોલીસે ટૂંકા સમયમાં જ આ સમગ્ર ગુનાનો પર્દાફાશ કરી બંને આરોપીઓની ધરપકડ કરી છે અને તેઓને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

નાણાકીય તકરારમાં ધોકાવાળી કરી મિત્રની જ હત્યા કરનાર મુખ્ય સૂત્રધાર સહિત બે ઝડપાયા

નીલમબાગ પોલીસ મથક વિસ્તારમાંથી અલગ-અલગ સ્થળેથી ૨ બાઈકની ચોરી

કાળાનાળા અને સંસ્કારમંડળ વિસ્તારમાંથી સ્પ્લેન્ડર તેમજ સીબી સાઈન બાઈક ચોરાઈ

ભાવનગર,તા.૩૦

ભાવનગર શહેરના નીલમબાગ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં વાહનચોર ગેંગ સક્રિય થઈ હોય તેમ એક જ પોલીસ મથકના વિસ્તારમાંથી મોટરસાઇકલ ચોરીના બે અલગ-અલગ બનાવો પ્રકાશમાં આવ્યા છે. તસ્કરોએ કાળાનાળા જેવા ધમધમતા જાહેર રોડ પરથી તેમજ સંસ્કારમંડળ વિસ્તારમાં ઘર આંગણે પાર્ક કરેલા બે ટુ-વ્હિલર વાહનોની ચોરી કરી પોલીસ પેટ્રોલિંગના દાવાઓની પોલ ખોલી નાખી છે. આ બંને બનાવો અંગે નીલમબાગ પોલીસ મથકે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ચોરીનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ચોરીના પ્રથમ બનાવની વિગત મુજબ, સંસ્કારમંડળ વિસ્તારમાં આવેલા નિર્મળ પ્લાજા સામે પ્લોટ નં. ૨૦૬૯ માં રહેતા અને પ્રભાત ફૂડમાં નોકરી કરતા મીહિરભાઈ કીરીટભાઈ રાઠોડ (ઉ.વ. ૨૫) નું હીરો કંપનીનું લાલ અને કાળા રંગનું સ્પ્લેન્ડર મોટરસાઇકલ (નં. GJ-04-FC-૦૨૬૩, કિંમત રૂા. ૪૫,૦૦૦) ગત તા. ૨૨/૧૦/૨૦૨૬ ના રોજ રાત્રિના સાડા બારેક વાગ્યાના સુમારે પોતાના ઘરની બહાર પાર્ક કરેલું હતું. બીજા દિવસે સવારે નોકરી પર જવા માટે યુવક બાઈક લેવા જતાં ત્યાંથી વાહન અદ્રશ્ય મળ્યું હતું. આજુબાજુના વિસ્તારમાં શોધખોળ કરવા છતાં બાઈક ન મળતાં આંગણે પાર્ક કરેલી બાઈક ચોરાઈ ગઈ હોવાનું માલૂમ પડ્યું હતું, જેથી આ અંગે ઓનલાઈન ઈ-એફઆઈઆર (e-FIR) દાખલ કરાઈ હતી. બીજા બનાવમાં, ભાવનગરના ભરતનગર મેમણ કોલોની ખાતે રહેતા અને ખાનગી નોકરી કરતા રાજભાઈ ચીમનભાઈ દવે (ઉ.વ. ૩૪) નું હોન્ડા કંપનીનું કાળા રંગનું સીબી સાઈન મોટરસાઇકલ (નં. GJ-04-CG-૫૨૬૦, કિંમત રૂા. ૧૫,૦૦૦) ગત તા. ૨૬/૧૦/૨૦૨૬ ના રોજ સવારના સમયે ચોરાયું હતું. ફરિયાદી સવારના નિત્યક્રમ મુજબ કાળાનાળા ખાતે નાસ્તો કરવા આવ્યા બાદ ચિંતામણી મેડિકલ સ્ટોર બાજુમાં આવેલ શૌચાલય પાસે બાઈક પાર્ક કરીને અંદર ગયા હતા. થોડીવાર પછી બહાર આવીને જોતાં પાર્ક કરેલું બાઈક ગાયબ હતું. તમામ સ્થળે તપાસ કરવા છતાં પત્તો ન લાગતાં આ અંગે પણ ઈ-એફઆઈઆર નોંધાવવામાં આવી હતી. આમ, નીલમબાગ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી કુલ રૂા. ૬૦,૦૦૦ ની કિંમતની બે મોટરસાઇકલની ચોરી અંગે ગુનાઓ નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં સ્પ્લેન્ડર બાઈક ચોરીના કેસમાં હેડ કોન્સ્ટેબલ અબ્દુલસમદ અહેમદભાઈ શેખ તથા સીબી સાઈન ચોરીના કેસમાં આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર કનૈયાલાલ અરજણભાઈ મારૂ દ્વારા તપાસ ચલાવવામાં આવી રહી છે.

કચરાપેટીમાં ફેંકાવાયેલ રૂપિયા ૧.૩૪ લાખની સોનાની લગડી શોધી આપતું નેત્રમ પ્રોજેક્ટ

સીસીટીવી સર્વેલન્સ અને ટેક્નોલોજીની મદદથી સોનાના ટુકડા શોધી કાઢતી ભાવનગર પોલીસ

ભાવનગર,તા. ૩૦

ભાવનગર પોલીસ અધિક્ષકની કચેરી અંતર્ગત કાર્યરત કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) અને 'વિશ્વાસ' પ્રોજેક્ટના સીસીટીવી કેમેરાની મદદથી એક અરજદારની ભૂલથી કચરામાં ફેંકાઈ ગયેલી અંદાજે ૧૨.૫૦ ગ્રામ સોનાની લગડી કિંમત રૂા. ૧,૩૪,૦૦૦/- સફળતાપૂર્વક શોધી કાઢીને અરજદારને હેમખેમ પરત સોંપવામાં આવી છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા. ૨૪/૧૦/૨૦૨૬ ના રોજ અરજદાર અશોકભાઈ વિનોદરાય કનાડીયા (ઉ.વ. ૪૫, રહે. શેરીસાપાર્ક, ગીતાચોક, ભાવનગર) પોતાની દીકરી માટે ચેઈન ખરીદવા માટે મેઈન બજાર ખાતે આવેલી નામાંકિત જ્વેલર્સની દુકાને ગયા હતા. તે દરમિયાન તેમની પાસે કાગળના પડીકામાં રાખેલ આશરે ૧૨.૫૦ ગ્રામ વજનની સોનાની લગડીના બે ટુકડા હતા. ચેઈનની ડિઝાઈન પસંદ ન આવતા તેઓ ઘરે પરત આવ્યા હતા, પરંતુ બાદમાં તેમને ખબર પડી કે સોનાની લગડીવાળું કાગળનું પડીકું તેમની પાસેથી ખોવાઈ ગયું છે. અરજદારે તે જ્વેલર્સની દુકાને જઈને સીસીટીવી ફૂટેજ ચેક કરાવતા જણાઈ આવ્યું હતું કે ટેબલ પર રહેલું સોનાની લગડીવાળું કાગળનું પડીકું દુકાનના કર્મચારીએ કચરા સાથે કચરાપેટીમાં નાખી દીધું હતું. આ બાબતે અરજદારે તા. ૨૫/૦૯/૨૦૨૬ (૨૫/૧૦/૨૦૨૬) ના રોજ નેત્રમ શાખાનો સંપર્ક કરી અરજી આપી હતી. અરજીને ગંભીરતાથી લઈને પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.એન. ગોહિલના માર્ગદર્શન હેઠળ નેત્રમના સીસીઆર ઈન્ચાર્જ એએસઆઈ પી.પી. ધોળકીયા અને સ્ટાફે ટેક્નોલોજીનો ઉપયોગ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. નેત્રમના કેમેરામાં દુકાનનો કર્મચારી કચરાપેટી દુકાન બહાર રોડ પર ખાલી કરતો નજરે પડ્યો હતો, અને ત્યારબાદ એક સફાઈ કર્મચારી તે કચરો ભેગો કરીને થેલામાં ભરતો જોવા મળ્યો હતો. પોલીસે તાત્કાલિક સફાઈ કર્મચારીનો સંપર્ક કરી તપાસ કરતાં તે કચરામાંથી સોનાની લગડી મળી આવી હતી. પોલીસે સઘન ટેક્નોલોજી અને સર્વેલન્સની મદદથી સોનાની લગડી શોધી કાઢી અરજદાર અશોકભાઈને પરત અપાવતા તેમણે પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સફળ કામગીરી કરનાર પોલીસ ટીમમાં પો.સબ.ઈન્સ. જે.એન. ગોહિલ, એ.એસ.આઈ. પી.પી. ધોળકીયા તેમજ હેડ કોન્સ્ટેબલ અને પોલીસ કોન્સ્ટેબલનો સ્ટાફ સામેલ હતો.

ગુજરાત ગ્રામિણ બેંકમાં મોટો ફ્રોડ: બિઝનેસ ફેસિલિટેટરે કોરા વિડ્રોલ ફોર્મમાં સહીઓ કરાવી ૨૨.૭૦ લાખ ઉઠાવ્યા

પાલીતાણાના દુધાળા ગામે બેંક કર્મચારીની વિશ્વાસઘાત અને ઠગાઈની કરતૂતથી ગ્રાહકોમાં હડકંપ

ભાવનગર,તા.૩૦

ભાવનગર જિલ્લાના પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલી ગુજરાત ગ્રામિણ બેંકની દુધાળા શાખામાં નોકરી કરતા અને બિઝનેસ ફેસિલિટેટર તરીકે ફરજ બજાવતા એક કર્મચારી દ્વારા બેંકના ખાતાધારકો સાથે આચરવામાં આવેલા લાખો રૂપિયાની ઠગાઈ અને વિશ્વાસઘાતનો ગંભીર મારો સામે આવ્યો છે. આ બનાવ અંગે પોલીસ ચોપડે નોંધાયેલી વિગતો મુજબ, આરોપી કર્મચારીએ બેંકના ગ્રાહકોના ભોળપણનો અને વિશ્વાસનો ગેરલાભ ઉઠાવીને આ મસમોટું કૌભાંડ આચર્યું છે.ફરિયાદી નાજુભાઈ વિરાભાઈ ભંમરે પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી સત્તાવાર ફરિયાદમાં જણાવ્યું છે કે, આરોપી ભરતભાઈ ગુણવંતભાઈ ત્રિવેદી (રહે. દુધાળા) ગુજરાત ગ્રામિણ બેંકની દુધાળા શાખામાં બિઝનેસ ફેસિલિટેટર તરીકે નોકરી કરતો હતો અને બેંકના ખાતાધારકોના નાણાં જમા તેમજ ઉપાડનું કામ સંભાળતો હતો. લાંબા સમયથી બેંકમાં સેવા આપતો હોવાના કારણે અને અવારનવાર બેંકના કામકાજમાં મદદરૂપ થતો હોવાથી સ્થાનિક ગ્રામીણ જનો અને ખાતાધારકોનો તેના પર ગાઢ વિશ્વાસ બંધાયો હતો. આરોપી આ જ વિશ્વાસનો દુરુપયોગ કરીને વયોવૃદ્ધ ખાતાધારકો તેમજ ખેતીવાડી કે અન્ય કામકાજમાં વ્યસ્ત રહેનારા ગ્રાહકોના ઘરે જતો હતો. તે બેંકમાંથી જમા-ઉપાડના ફોર્મ ઘરે લઈ જઈને ગ્રાહકોની સહીઓ કરાવી લાવતો અને ગ્રાહકોના નાણાં બેંકમાં જમા કરાવવા કે ઉપાડીને ઘરે પહોંચાડવાનું કામ કરતો હતો. દરમિયાન, આરોપી ભરતભાઈ ત્રિવેદીએ ગત તા. ૨૩/૦૭/૨૦૨૬ થી તા. ૨૧/૦૮/૨૦૨૬ દરમિયાન પોતાની કુશળ ચાલાકી વાપરીને અનેક ખાતાધારકોના ખાતામાંથી લાખો રૂપિયા સેરવી લીધા હતા. આરોપીએ ફરિયાદી નાજુભાઈના સંયુક્ત બચત ખાતામાંથી રૂ. ૨,૦૦,૦૦૦/-, તેમના પિતા વિરાભાઈના ખાતામાંથી રૂ. ૯,૦૦,૦૦૦/-, ભાઈ ગંભીરભાઈ તથા પરિવારના અન્ય સભ્યોના ખાતામાંથી રૂ. ૩,૨૦,૦૦૦/-, તેમજ અન્ય ખાતાધારકો જેમ કે લાખાભાઈ ગોવિંદભાઈ સોલંકીના ખાતામાંથી રૂ. ૭,૦૦,૦૦૦/- અને નાગજીભાઈ જસમતભાઈ સાવલીયાના ખાતામાંથી રૂ. ૧,૫૦,૦૦૦/- સહીઓ કરાવીને જુદી જુદી તારીખોમાં ઉપાડી લીધા હતા. આમ, જુદા-જુદા પાંચ ખાતાધારકોના ખાતામાંથી કોરા વિડ્રોલ ફોર્મમાં સહીઓ મેળવીને કુલ રૂપિયા ૨૨,૭૦,૦૦૦/- ની માતબર રકમ આરોપીએ પોતાના અંગત સ્વાર્થ અને ફાયદા માટે ઉપાડી લીધી હતી. જ્યારે ભોગ બનનાર ગ્રાહકોએ બેંકમાં જઈને પોતાની પાસબુકમાં એન્ટ્રી કરાવી ત્યારે આ સમગ્ર ઠગાઈ અને ઉચાપતનો ભાંડો ફૂટ્યો હતો. ખાતાધારકોએ તાત્કાલિક બેંક મેનેજર અને કેશિયરનો સંપર્ક કરી આરોપી બાબતે પૂછપરછ કરી હતી, પરંતુ તે સમયે બેંકમાં હાજર અધિકારીઓએ આરોપી ભરતભાઈ બહાર ગયા હોવાનું જણાવી ટાળવાનો પ્રયાસ કર્યો હતો. થોડા સમય બાદ આરોપીના માતા બેંક પર દોડી આવ્યા હતા અને કર્મચારીઓને જાણ કરી હતી કે ભરતભાઈ ઘરેથી અચાનક ક્યાંક જતા રહ્યા છે. આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તમામ ભોગ બનનાર ખાતાધારકો એકત્ર થઈને પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને લેખિત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (B.N.S.S.) તથા BNS ની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા આરોપી ભરતભાઈ ગુણવંતભાઈ ત્રિવેદીને ઝડપી પાડવા અને આ કૌભાંડના તાર ક્યાં સુધી જોડાયેલા છે તે દિશામાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર મહાવિરસિંહ બહાદુરસિંહ જાડેજા દ્વારા સઘન અને કાયદેસરની તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

સરદારનગરના અકસ્માતમાં લાખો રૂપિયાના હીરા ૧૦૮ના કર્મચારીઓએ પરિવારને સોંપ્યા

ભાવનગર,તા.૩૦

ભાવનગરના સરદારનગર સર્કલ પાસે કાર અડફેટે બાઈક સવાર આધેડનું મોત નીપજવાની દુર્ઘટના બની હતી. આ ગંભીર અકસ્માતની જાણ થતાં ૧૦૮ ઈમરજન્સી સેવાના EMT ઘનશ્યામભાઈ મકવાણા અને રાજુભાઈ વિરગામા ગણતરીની મિનિટોમાં જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ઈજાગ્રસ્તને તાત્કાલિક સર ટી. હોસ્પિટલ ખસેડ્યા હતા.

સારવાર દરમિયાન દર્દી પાસેથી આશરે રૂા. ૩૦ થી ૩૫ લાખની કિંમતના ડાયમંડ ભરેલી બેગ, મોબાઈલ અને દસ્તાવેજો મળી આવ્યા હતા. ૧૦૮ના



કર્મચારીઓએ આ કિંમતી સામાન મૃતકના સ્વજનોને સોંપીને પ્રમાણિકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સંબંધીઓએ અશ્રુભીની આંખે આભાર વ્યક્ત કર્યો હતો. કર્મચારીઓની આ સરાહનીય કામગીરીને અધિકારીઓ નરેશ ડાભી અને આશિષ વાળા દ્વારા બિરદાવવામાં આવી હતી.

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઓફ લાઇન ટેન્ડર નોટીસ નં. ૦૬ સને ૨૦૨૬-૨૭

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ પેટા વિભાગ,પાળીયાદ, જી. બોટાદ દ્વારા નીચે મુજબના કામ માટે ઓફલાઈન ટેન્ડરો સરકારશ્રીમાં રજીસ્ટેડ તેમજ પ્રતિષ્ઠીત વિકેતા પાસેથી રજી.પોસ્ટ/સ્પીડ પોસ્ટ દ્વારા મંગાવવામાં આવે છે. કચેરી ખાતેથી કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ-૧૩/૧૧/૨૦૨૬ અને ભરેલા ટેન્ડરો પરત કરવાની છેલ્લી તારીખ ૨૦/૧૧/૨૦૨૬ રહેશે. વિગતવાર નિવિદા કચેરીના નોટીસ બોર્ડ ઉપર જોઈ શકાશે.

કામનું નામ	અંદાજીત રકમ રૂ.
કન્સલટન્સી વર્ક ઓફ સર્વેઇન્ગ પ્રિપરેશન ઓફ ડિટેઇલેડ ડ્રોઇંગ એન્ડ ડી.ટી.પી ફોર ન્યુ સબ ડીવીઝન ઓફિસ પાળીયાદ એન્ડ ક્વાર્ટર એટ સુખભાદર ડેમ.	૦૪,૦૦,૩૫૦/-

માહિતી-ભાવ-૮૧૨-૨૬

બોટાદ નગરપાલિકા ટેન્ડર નોટીસ

બોટાદ નગરપાલિકા ધ્વારા નીચેના કામ માટે રસ ધરાવતા આસામીઓ પાસેથી ઓફલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

ક્રમ	કામનું નામ	રકમ રૂા.
૧	બોટાદ નગરપાલિકા ખાતે કારોબારી ચેરમેન ની ચેમ્બર(ઓફીસ)ને રીનોવેશન કરવાનું કામ	૧,૩૩,૦૨૨/-

ઉકત કામ માટે રસ ધરાવનાર ઈજારદારોએ તા.૩૦/૧૦/૨૬ સુધીમાં બોટાદ નગરપાલિકામાં તેઓની શ્રેણીનું રજીસ્ટ્રેશન,સોલવંશી સર્ટીફિકેટ ,પાનકાર્ડ તથા જી.એસ.ટી રજીસ્ટ્રેશન રજુ કરી,નિયત ટેન્ડર ફી ભર્યા બાદ કોરી ટેન્ડર કોપી મેળવી શકશે. તથા ભરેલ ટેન્ડર ફકત રજી. એડી(પોસ્ટ)મારફત તા.૦૩/૧૧/૨૬સુધી સ્વીકારવામાં આવશે. વિશેષ માહીતી માટે બો.મ્યુ.,બાંધકામ શાખાનો સંપર્ક સાધવાનો રહેશે.

બાંધકામ–૮/વશી–૫૯૧
જા.નં. ૨૩૧૭
તા. ૨૪ /૧૦/૨૬ મુખ્ય અધિકારી,બોટાદ નગરપાલિકા

માહિતી-ભાવ-૮૦૯-૨૬

મહુવાના તરેડ ગામે જૂની અદાવતમાં યુવક પર ધારીયા-પાઈપ વડે હુમલો

બાઈક ભટકાવવાની તકરારનો ખાર રાખી યુવકને લોહીલુહાણ કરાતા ભાવનગર સારવારમાં ખસેડાયો

ભાવનગર,તા.૩૦

ભાવનગર જિલ્લાના મહુવા ગ્રામ્ય પોલીસ સ્ટેશન હેઠળ આવતા તરેડ ગામે જૂની અદાવતનો ખાર રાખીને એક યુવક પર ધારીયા અને લોખંડના પાઈપ વડે જાનલેવા હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ મામલે ઈજાગ્રસ્ત યુવકે ગામના જ બે શખસો વિરુદ્ધ મહુવા ગ્રામ્ય પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, તરેડ ગામે રહેતા અને મજૂરીકામ કરતા અશોકભાઈ મંગાભાઈ પરમાર ગત તા. ૨૨/૧૦/૨૦૨૬ ના રોજ રાત્રિના સમયે ગામમાં કરિયાણું લેવા ગયા ત્યારે ગામના સંજયભાઈ શિવરાજભાઈએ તેમની સાથે ગાળાગાળી કરી હતી. ત્યારબાદ અશોકભાઈ ગામના વાડી વિસ્તાર પાસે પહોંચતા, સંજયભાઈ શિવરાજભાઈ (હાથમાં ધારીયું લઈને) અને કિરીટભાઈ ભગાભાઈ (હાથમાં લોખંડનો પાઈપ લઈને) ત્યાં ધસી આવ્યા હતા. ગાળો દેવાની ના પાડતા ઉશ્કેરાયેલા સંજયભાઈએ ધારીયાનો ઘા ડાબા કાન પર અને કિરીટભાઈએ પાઈપનો ઘા કપાળે મારી દેતા અશોકભાઈ લોહીલુહાણ થઈ ઢળી પડ્યા હતા.

પરિજનો દોડી આવતાં હુમલાખોરો ભાગી છૂટ્યા હતા. ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે પ્રથમ મહુવા અને ત્યારબાદ વધુ સારવાર અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં કાને તથા કપાળે ટાંકા લેવા પડ્યા હતા. બે મહિના અગાઉ ફરિયાદીના ભાઈને આરોપીના મિત્ર સાથે મોટરસાઈકલ ભટકાવવા બાબતે થયેલી બોલાચાલીની દાજ રાખી આ હુમલો કરાયો હોવાનું ખૂલ્યું છે. પોલીસે બંને સામે બી.એન.એસ. હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સિહોરમાં રહેણાક મકાનમાંથી વિદેશી દારૂની બે બોટલ સાથે ૧ ઝડપાયો

ભાવનગર,તા.૩૦

ભાવનગર જિલ્લાના શિહોરના મારુતીનગર વિસ્તારમાં રહેણાક મકાનમાં ગેરકાયદે વિદેશી દારૂનો જથ્થો રાખી વેચાણ કરતા શખ્સને પોલીસે ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ, શિહોર પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ક્રિકેટ છાપરી પાસે મેલડીમાના ઓટા નજીક બાતમી મળી હતી કે મારુતીનગરમાં રામાપીરના મંદિર પાસે રહેતો યોગેશભાઈ ભરતભાઈ મેર (ઉ.વ.૨૯) પોતાના મકાનમાં વિદેશી દારૂ રાખી વેચાણ કરે છે. બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી તેના મકાનમાં તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન ફળીયામાં પડેલી કાપડની થેલીમાંથી રોયલ સ્ટેગ પ્રીમિયર વ્હિસ્કીની ૭૫૦ એમએલની બે સીલબંધ બોટલ મળી આવી હતી. આ બોટલો પર હરિયાણામાં વેચાણ માટે હોવાનું લખેલું હતું. રૂ.૧,૩૦૦ની કિંમતનો દારૂ મળી આવતાં પોલીસે જથ્થો કબજે કર્યો હતો.પોલીસે યોગેશ મેર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(એ) અને ૧૧૬(બી) મુજબ ગુનો નોંધી તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી.ગોહિલ**
ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં
પર. ફોજદારી અરજી નબર : ૧૨૫/૨૦૨૬

સોલંકી વિનુભાઈ ધમાભાઈ .....અરજદાર
-: વિરુધ્ધ :-
જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
પડવા ગ્રામ પંચાયત કચેરી તા-ઘોઘા.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પુત્રી નામ ઉર્મિલાબેન વિનુભાઈ સોલંકીનો જન્મ તા.૧૮/૦૫/૨૦૧૯ના રોજ પડવા મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૩/૧૨/૨૦૨૬ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૨/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી.ગોહિલ**
ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં
પર. ફોજદારી અરજી નબર : ૧૨૬/૨૦૨૬

મકવાણા મંગાભાઈ કાનજીભાઈ .....અરજદાર
-: વિરુધ્ધ :-
જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
ઘોઘા ગ્રામ પંચાયત કચેરી તા-ઘોઘા.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે મરણની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પિતા નામ કાનજીભાઈ સવજીભાઈ મકવાણાનું મરણ તા.૨૦/૧૨/૧૯૮૪ના રોજ ઘોઘા મુકામે થયેલ છે, તેમના મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી મરણ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૩/૧૨/૨૦૨૬ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૨/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી.ગોહિલ**
ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં
પર. ફોજદારી અરજી નબર : ૧૧૭/૨૦૨૬

ધંધુકીયા ધીરૂભાઈ ધનજીભાઈ .....અરજદાર
-: વિરુધ્ધ :-
જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
વાવડી ગ્રામ પંચાયત કચેરી તા-ઘોઘા.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના ભત્રીજી નામ ચંપાબેન ટીડાભાઈ ધંધુકીયાનો જન્મ તા.૧૦/૦૫/૧૯૭૫ના રોજ વાવડી મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૩/૧૨/૨૦૨૬ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૨/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી.ગોહિલ**
ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં
પર. ફોજદારી અરજી નબર : ૧૧૮/૨૦૨૬

રાઠોડ લાભુબેન ટપુભાઈ .....અરજદાર
-: વિરુધ્ધ :-
જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
મોરચંદ ગ્રામ પંચાયત કચેરી તા-ઘોઘા.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પુત્રી નામ દપાબેન ટપુભાઈ રાઠોડ નો જન્મ તા.૦૧/૦૧/૧૯૯૦ના રોજ મોરચંદ મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૩/૧૨/૨૦૨૬ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૩/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી.ગોહિલ**
ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં
પર. ફોજદારી અરજી નબર : ૧૨૧/૨૦૨૬

ઓમદેવસિંહ રમુભા ગોહિલ .....અરજદાર
-: વિરુધ્ધ :-
જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
તણસા ગ્રામ પંચાયત કચેરી તા-ઘોઘા.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે મરણની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના દાદી નામ વસંતબા બહાદુરસિંહ ગોહિલનું મરણ તા.૧૮/૧૦/૨૦૦૩ના રોજ તણસા મુકામે થયેલ છે, તેમના મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી મરણ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૩/૧૨/૨૦૨૬ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૨/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી.ગોહિલ**
ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં
પર. ફોજદારી અરજી નબર : ૧૨૨/૨૦૨૬

ગોહિલ બાપાલાલસિંહ પરબતસિંહ .....અરજદાર
-: વિરુધ્ધ :-
જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
તણસા ગ્રામ પંચાયત કચેરી તા-ઘોઘા.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે મરણની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના દાદી નામ જીજીબા જટુભા ગોહિલ નું મરણ તા.૧૫/૦૫/૧૯૮૮ના રોજ તણસા મુકામે થયેલ છે, તેમના મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી મરણ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૩/૧૨/૨૦૨૬ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૨/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી.ગોહિલ**
ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં
પર. ફોજદારી અરજી નબર : ૧૧૫/૨૦૨૬

ગોહિલ જસુભા ગોપુભા .....અરજદાર
-: વિરુધ્ધ :-
જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
ખડસલિયા ગ્રામ પંચાયત કચેરી તા-ઘોઘા.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે મરણની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના કાકા નામ શેઠુભા મલુભા ગોહિલ નો મરણ તા.૧૪/૦૩/૧૯૯૭ના રોજ ખડસલીયા મુકામે થયેલ છે, તેમના મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી મરણ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૩/૧૨/૨૦૨૬ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૨/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી.ગોહિલ**
ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં
પર. ફોજદારી અરજી નબર : ૧૧૬/૨૦૨૬

સરમાળી રસુલભાઈ નુરમહમદભાઈ .....અરજદાર
-: વિરુધ્ધ :-
જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
તણસા ગ્રામ પંચાયત કચેરી તા-ઘોઘા.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પુત્ર નામ ઝાહીરઅબ્બાસ રસુલભાઈ સરમાળીનો જન્મ તા.૦૧/૦૨/૧૯૮૪ના રોજ તણસા મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૩/૧૨/૨૦૨૬ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૨/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી.ગોહિલ**
ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં
પર. ફોજદારી અરજી નબર : ૧૧૯/૨૦૨૬

લીલુબેન હરખાભાઈ ચૌહાણ .....અરજદાર
-: વિરુધ્ધ :-
જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
લાખણકા ગ્રામ પંચાયત કચેરી તા-જી-ભાવનગર.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પુત્રી નામ જયાબેન હરખાભાઈ ચૌહાણનો જન્મ તા.૦૬/૦૫/૧૯૬૮ના રોજ લાખણકા મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૩/૧૧/૨૦૨૬ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૨/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

જાહેર નોટીસ **અરજ.વ.શ્રી.યુ.બી.ગોહિલ**
ઘોઘાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં
પર. ફોજદારી અરજી નબર : ૧૨૦/૨૦૨૬

ગોહિલ રવુભા વખતસિંહ .....અરજદાર
-: વિરુધ્ધ :-
જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
ઉખરલા ગ્રામ પંચાયત કચેરી તા-ઘોઘા.....સામાવાળા

બાબત :- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટ ૧૯૬૯ ની કલમ ૧૩(૩)(બી) અન્વયે જન્મની નોંધ કરાવવા

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધ થી જણાવવામાં આવે છે કે, ઉપર ના અરજદારે તેમના પુત્રી નામ પ્રવિણાબા રવુભા ગોહિલ નો જન્મ તા.૧૧/૧૧/૧૯૮૨ના રોજ ઉખરલા મુકામે થયેલ છે, તેમના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોવાનું જાહેર કરી તેવી જન્મ નોંધ કરાવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સબંધે જે કોઈ ઈસમ, સંસ્થા, બોર્ડ કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોયતો તેવા લેખીત વાંધા અને આધાર પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનીધી મારફતે તારીખ :૦૩/૧૨/૨૦૨૬ના રોજ સવારમાં ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા કોર્ટ આગળની ન્યાયિક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

ઘોઘા
તારીખ:૨૨/૧૦/૨૦૨૬

તૈયાર કરનાર (જી.ઝેડ.ગોહિલ) આસીસ્ટન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | મુકામલ કરનાર (એચ.જે.સોંડાગર) સુપ્રિટેન્ડેન્ટ જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા | કોર્ટનો સિક્કો | હુકમથી (એફ.એચ.ચૌહાણ) રજીસ્ટાર જે.એમ.એફ.સી.કોર્ટ ઘોઘા

ભાવનગરથી પ્રસિદ્ધ થતા સૌરાષ્ટ્ર આસપાસ સાંધ્ય દૈનિકને ૨૪માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છાઓ....

પી.એન.આર. સોસાયટી
PNR HOPE 4 HANDICAPPED
info@pnrsociety.org www.pnrsociety.org Follow us @PNRSOCIETY
નટરાજ કોલેજ કેમ્પસ, કાળિયાબીડ, સરદાર પટેલ સ્કૂલની પાસે, ભાવનગર.
+91 9824220688

સેવા, પુનર્વસન અને આત્મનિર્ભરતાની એક સંવેદનશીલ યાત્રા

1989 થી સમાજ સેવા ક્ષેત્રે કાર્યરત સંસ્થા પીએનઆર સોસાયટી ફોર રિલિફ એન્ડ રિહેબિલિટેશન ઓફ ધી ડિસેબલ્સ અનેકવિધ દિવ્યાંગ

સૌરાષ્ટ્ર આસપાસ ભાવનગર આવૃત્તિનો 24 વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ...

Amul The Taste of India





શ્રી મહેન્દ્રભાઈ પનોત
સ્થાપક ચેરમેનશ્રી સર્વોત્તમ ડેરી





ખાસ જાહેરાત

સંવર્ધન વર્ષ અંતર્ગત વિશેષ યોજના



જો તમે સર્વોત્તમ ડેરી દ્વારા સંચાલિત દૂધ મંડળીમાં દૂધ ભરો છો અને સર્વોત્તમ ડેરી દ્વારા પ્રમાણિત કરેલ કૃત્રિમ બીજદાન વર્કર પાસે **સેક્સ સોર્ટેડ સિમેનથી બીજદાન કરાવ્યું હોય અને તે બીજદાનથી**

તા. 01-04-2026, પછી વાછરડીનો કે પાડીનો જન્મ થાય તો સર્વોત્તમ ડેરી તરફથી પુશપાલકને બીજદાનના ₹ 300/-પરત આપવામાં આવશે.

સેક્સડ સિમેન (પાડી/વાછરડીનાં) ડોઝ અનોખી પહેલ..

શું તમે ઈચ્છો છો કે તમારી ભેંસને પાડી અને ગાય ને વાછરડી જ આવે...?

આપણા ગામની દૂધ મંડળીમાં જાણ કરવાથી બીજદાનની માહિતી મળી રહેશે.

પાડી/વાછરડીનો જન્મ થવાથી વિયાણમાં સરળતા રહે અને વિયાણ વખતે ગાય/ભેંસને જોખમ ઓછું રહે છે.

ઉત્તમ ઓલાદની પાડી/વાછરડીના જન્મથી આવનારી પેઢીમાં ઓલાદ સુધારણા અને દુધમાં નોંધપાત્ર ફાયદો

સર્વોત્તમ ડેરીની ગૌરવવંતી કામગીરી

સર્વોત્તમ દાણ : જિલ્લાના પશુપાલકોને સારી કવોલીટીનું અને ઓછા ભાવથી આપવામાં આવે છે. જેથી પશુપાલકોને આર્થિક ફાયદો થઇ રહેલ છે. હાલ સર્વોત્તમ દાણ દૈનિક ૧૩૯ ટનથી વધારે જિલ્લામાં વેચાઈ રહ્યું છે. આ દાણ દૂધ ઉત્પાદકોને પોતાના ગામમાં ડેરી દ્વારા પહોચાડવામાં આવે છે.

સેક્સ સીમેન ડોઝ : સર્વોત્તમ ડેરી દ્વારા આવનારી પેઢીમાં માદા બચ્ચાઓ વધારે અને નર ઓછા આવે તે માટે અંદાજે ૯૦ થી ૯૨ % પાડી અને વાછરડી જન્મે તેવા સેક્સ સીમેન ડોઝથી બીજદાન કરાવવામાં આવે છે. જેનાથી દૂધ ઉત્પાદન અને ઉત્તમ ગુણવત્તાવાળા પશુઓની સંખ્યા વધશે અને રખડતાં બાંગર ખુંટની સંખ્યા ઘટશે. હાલ સર્વોત્તમ ડેરી સંવર્ધન વર્ષ ઉજવી રહી હોવાથી પશુપાલકને ફ્રીમાં આ ડોઝ આપવામાં આવે છે.

વ્યુહાત્મક વાછરડી ઉછેર પ્રોજેક્ટ : સામાન્ય રીતે વાછરડી પોતાના જન્મથી અંદાજે ૪૮ થી ૫૦ મહીને પ્રથમ બચ્ચાને જન્મ આપે છે. પરંતુ સર્વોત્તમ ડેરીના આ ડ્રીમ પ્રોજેક્ટ અંતર્ગત વ્યુહાત્મક રીતે ઉછેરવાથી માત્ર ૩૦ મહિનામાં વાછરડી પ્રથમ બચ્ચાને જન્મ આપે છે. આ રીતે ૪૮ થી ૫૦ મહીના સુધીમાં લગભગ ત્રણ બચ્ચાને જન્મ આપે છે.

સંવર્ધન વર્ષ : હાલ સર્વોત્તમ ડેરી સંવર્ધન વર્ષ ઉજવી રહી છે. જે અંતર્ગત સંવર્ધનને પ્રોત્સાહન આપવા માટેની માતબર યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં ૦૧/૦૪/૨૦૨૬ પછી પાડી તથા વાછરડીનો જન્મ થાય તો સર્વોત્તમ ડેરી તરફથી પશુપાલકોને રૂા. 300/- પરત આપવામાં આવશે. આ સિવાય પણ અનેકવિધ પ્રોત્સાહનો રાખવામાં આવેલ છે.

પંચક્રાંતિ : સર્વોત્તમ ડેરી દ્વારા પંચક્રાંતિ જેવી કે શ્વેતક્રાંતિ, આર્થિક ક્રાંતિ, હરિયાળી ક્રાંતિ, આનુવાંશિક ક્રાંતિ અને આરોગ્ય ક્રાંતિથી જીલ્લામાં દૂધ ઉત્પાદકોનું જીવનધોરણ ઊંચું આવેલ છે. પશુપાલન વ્યવસાયમાં જોડાયેલી બહેનો સારામાં સારા ભાવો મેળવી સ્વમાનભેર પોતાનું જીવન જીવી શકે, શ્વેતક્રાંતિ થકી આર્થિક ક્રાંતિ કરી ગામડાંમાં પશુપાલન વ્યવસાય થકી રોજગારી મેળવી શકે તેવા પ્રયત્નો સર્વોત્તમ ડેરી દ્વારા હરહંમેશ થઇ રહ્યા છે.

પશુની આવનારી પેઢી છે સર્વોત્તમ અને ન્યારી, અમને છે તે અતિશય પ્યારી ....

વર્ષ ૨૦૨૬-૨૭માં સર્વોત્તમ ડેરી ઉજવી રહી છે "સંવર્ધન વર્ષ "